
# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૧ * અંક-૧ * સપ્ટેમ્બર, ૨૦૧૬



ગુરુદેવ! અવિનય કંઈ થયો, અપરાધ કંઈ પણ જે થયા,
કરજો ક્ષમા અમ બાળને, એ દીનભાવે યાચના.

મન-વચન-કાય થકી થયા જાણ્યે-અજાણ્યે દોષ જે,
કરજો ક્ષમા સૌ દોષની, હે નાથ! વિનવું આપને.

મિથ્યાત્વભાવે મૂઢ થઈ નિજતત્ત્વ નહિ જાણ્યું અરે!
આપી ક્ષમા એ દોષની આ પરિભ્રમણ ટાળો હવે.

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● જો દુર્જન માણસ મારા દોષો જાહેર કરીને સુખી થતો હોય તો થાવ, જો ધનનો અભિલાષી મનુષ્ય મારું સર્વસ્વ ગ્રહણ કરીને સુખી થતો હોય તો થાવ, જો શત્રુ મારું જીવન ગ્રહણ કરીને સુખી થતો હોય તો થાવ, જો બીજા કોઈ મારું સ્થાન લઈને સુખી થતો હોય તો થાવ અને જે મધ્યસ્થ છે—રાગદ્વેષ રહિત છે—તે એવા જ મધ્યસ્થ બની રહે. અહીં આખુંય જગત અતિશય સુખનો અનુભવ કરો. મારા નિમિત્તે કોઈ પણ સંસારી પ્રાણીને કોઈ પણ પ્રકારે દુઃખ ન થાવ, એમ હું ઊંચા સ્વરે કહું છું. ૧૫૬૮.

(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, ધર્મોપદેશામૃત, શ્લોક—૮૫)

● બાહ્ય પરિગ્રહકા ત્યાગ ભાવોંકી વિશુદ્ધિકે લિયે કિયા જાતા હૈ, પરંતુ અભ્યંતર પરિગ્રહ રાગાદિક હૈં, ઉનસે યુક્ત બાહ્ય પરિગ્રહકા ત્યાગ નિષ્ફલ હૈ. ૧૫૬૯. (શ્રી કુંદકુંદાચાર્ય, ભાવપાહુડ, ગાથા-૩)

● ઉત્તમ વિવેકવાન પુરુષો તો આ શરીરને રુધિરાદિ મહાનિંદ્ય અને અત્યંત ગ્લાનિયુક્ત પદાર્થોનો ભરેલો એક કોથળો સમજે છે, પણ એમાં રતિ પામતા નથી. ગંદી અને પ્રતિપળે માત્ર દુઃખની જ જન્મદાતા એવી કાયાનો મોહ વિવેકવાન ઉત્તમ પુરુષો કરતા નથી. ૧૫૭૦. (શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૨૦૧)

● અનેક પ્રકાર શારીરિક ઔર માનસિક કષ્ટોંકો દેનેવાલે ઈસ ભયાનક સંસારમેં ભ્રમણ કરતે હુએ જિસ સમ્યગ્જ્ઞાન નામકે મહાન રત્નકો કભી નહીં પાયા થા, તૂને અબ સમ્યગ્દર્શન સહિત ઉસે પા લિયા હૈ ફિર તૂ પાંચો ઈન્દ્રિયોંકે વિષયોંમેં લુબ્ધ હોકર પ્રમાદ વ આલસ્ય ન કર. ૧૫૭૧.

(શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૧૩-૧૪)

● હે જીવ ! જહાં તેરી ઈચ્છા હો ઉસી દેશમેં જા, ઔર જો અચ્છા લગે વહી કર, લેકિન જબ તક મનકી શુદ્ધિ નહીં હૈ, તબ તક કિસી તરહ મોક્ષ નહીં હો સકતા. ૧૫૭૨. (શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ. ૨, ગાથા-૭૦)

● જીવ આયુકર્મના ઉદયથી જીવે છે એમ સર્વજ્ઞદેવો કહે છે, તું પર જીવોને આયુકર્મ તો દેતો નથી તો (હે ભાઈ !) તે તેમનું જીવિત(જીવતર) કઈ રીતે કર્યું ?

જીવ આયુકર્મના ઉદયથી જીવે છે એમ સર્વજ્ઞદેવો કહે છે; પર જીવો તને આયુકર્મ તો દેતા નથી તો (હે ભાઈ !) તેમણે તારું જીવિત કઈ રીતે કર્યું ? ૧૫૭૩ (શ્રી કુંદકુંદાચાર્ય, સમયસાર, ગાથા-૨૫૧-૨૫૨)

વર્ષ–૧૧
અંક–૧




વિ. સંવત
૨૦૭૨
September
A.D. 2016





# શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન



(તા. ૩-૫-૪૪, સોમવાર) વ્યાખ્યાન નં. ૧૪
(ગાથા ૧૩)

અધિકાર મૂળ માખણનો છે. ન સમજાય તો સાંભળવું. જીંદગીમાં કેટલાકને તો આ શબ્દો પણ કાને ન પડ્યા હોય એવું ઝીણું છે–ઊંચું છે. ઝીણું પડે પણ ના ન પાડવી. બાપે પોતાનો વારસો કદી કહ્યો ન હોય તેથી છોકરાને ખબર ન હોય, પણ જ્યારે બાપ વારસો કહે ત્યારે એમ ન કહે કે તમે આ વાત તો કદી કહી નથી માટે આજ હું નહિ સાંભળું કે નહિ માનું; પણ ત્યાં તો તેની રુચિ છે તેથી સાંભળે છે અને તેમ માને છે; તેમ અહીં સર્વજ્ઞ ભગવાનનું અંતરપેટ કહેવાય છે. પરિપૂર્ણ આત્મસ્વરૂપનો વારસો સર્વજ્ઞભગવાન બતાવે છે તેની ના ન પાડવી પણ અંતરમાં રુચિ અને હકાર લાવી સાંભળવું. પૂર્ણસ્વરૂપનો મહિમા બતાવાય છે, તેમાં કુતર્ક કામ આવે એમ નથી, શબ્દો ગોખ્યે આવડે તેવું નથી, મનથી જણાય તેમ નથી એવા સહજસ્વભાવની વાત આચાર્યદેવ મૂકે છે. પહેલાં જ આચાર્યદેવે કહ્યું છે કે મેં આ બ્રહ્મમય ઉપદેશ કર્યો છે, માટે તે અંતરદૃષ્ટિ વગર પકડાશે નહીં. આ અંતરમાં 'છે' તેની વાત છે, નથી તેને કોઈ કહે નહીં. અંદર વસ્તુ છે તેની વ્યાખ્યા—તેનું સ્વરૂપ કહેવાય છે. સત્ તો ત્રણેકાળ એકરૂપ છે. ધર્મ સત્‌રૂપ છે તે સમજે તો આદર થાય. સમજ્યા વગર સત્‌નો સાચો સ્વીકાર કે મહિમા થાય નહીં.

> **જ્યમ પુરુષ કોઈ નૃપતિને જાણે, પછી શ્રદ્ધા કરે,**
> **પછી યત્નથી ધન-અર્થી એ અનુચરણ નૃપતિનું કરે; ૧૭. –શ્રી સમયસાર**

જુઓ! હવે કારણસ્વભાવદર્શનોપયોગનું સ્વરૂપ કહે છે. આત્મામાં અનંત ગુણો છે; તેમાં જે જાણે છે તે જ્ઞાનગુણ છે, તેમાં સામાન્ય વિશેષ બંને જણાય છે. બીજો દર્શનગુણ છે તેનો વ્યાપાર સામાન્યને દેખે છે. દર્શનઉપયોગનો અર્થ ઉત્પાદરૂપ પરિણામ અર્થાત્ વર્તમાનવ્યાપારરૂપભાવ એમ અહીં લીધો નથી. પણ આત્મા વસ્તુ અને દર્શનગુણ તો ત્રિકાળ છે અને તે દર્શનગુણનો વર્તમાન વેપાર તે પણ ધ્રુવ એકરૂપ બદલ્યા વગર રહેનાર છે, તે દર્શનઉપયોગ અહીં લીધેલ છે.

સમ્યગ્દર્શન તો શ્રદ્ધાગુણની પર્યાય છે, પણ તે અહીં કહેવું નથી; પણ શ્રદ્ધા નામના ત્રિકાળી ગુણની ધ્રુવપર્યાય અને આ દર્શનનો ધ્રુવરૂપ વેપાર બન્ને અભેદ છે, તે અહીં કહેવું છે.

આ તો અમૃત છે, આચાર્યદેવે સર્વજ્ઞ વીતરાગનાં પેટનાં અમૃત રેડ્યાં છે, આવી વાત જંગલમાં વિચરતા નિર્ગ્રંથ સંત-મુનિઓ કોઈક વખતે ખુલ્લી મૂકે છે, લોકોનાં મહાભાગ્યે આ વાત બહાર આવી છે.

દર્શન ત્રિકાળી ગુણ છે તેના ઉપયોગમાં સ્વભાવદર્શન-ઉપયોગ અને વિભાવદર્શન ઉપયોગ એવા બે પ્રકાર છે; તથા સ્વભાવદર્શન ઉપયોગના બે પ્રકાર છે : ૧–કારણસ્વભાવદૃષ્ટિ, ૨–કાર્યસ્વભાવદૃષ્ટિ. શ્રદ્ધા કરવી તે તો સમ્યગ્દર્શન છે–તે પર્યાય છે તેને અહીં નથી લેવી. શરીર, મન, વાણી કે રાગ-દ્વેષ તે તો આત્મા જ નથી. જે કેવળદર્શન પ્રગટે તે પણ કાર્ય છે, તેના કારણરૂપ એક દર્શનઉપયોગ ત્રિકાળ એકરૂપ સામાન્ય છે અને શ્રદ્ધાગુણ પણ સામાન્ય છે, તે બન્નેને સામાન્યપણે એક લઈ લીધા છે. દર્શનઉપયોગ તે આત્માનું નિજરૂપ છે, તે એક પ્રકારે અવસ્થા હોવા છતાં ધ્રુવ અને અક્રિય છે, બંધ-મોક્ષની બધી પર્યાય તો સક્રિય (ઉત્પાદ-વ્યયરૂપી ક્રિયાસહિત) છે; તે વ્યવહારક્રિયા છે, મોક્ષપર્યાય પણ ક્રિયા છે, અને આ (દર્શનઉપયોગ) તો અક્રિય ધ્રુવ વસ્તુ છે–અવિચળ છે; સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન પણ ચળ છે, કેવળજ્ઞાન પણ ચળ છે એટલે કે એક સમય પૂરતી બદલતી અવસ્થા છે. આત્માનો દર્શનઉપયોગ નિજરૂપ સદાય પવિત્ર છે, તે ઉપયોગરૂપ ધ્રુવપર્યાય ચાર વિભાવસ્વભાવરૂપ પર્યાયોથી અગોચર છે. ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક એ ચારે પર્યાયોને અહીં 'વિભાવસ્વભાવરૂપ પર્યાય' કહી છે.

ઉદય-કર્મના નિમિત્તે આત્મામાં વિકારભાવ થાય છે તે ઉદયભાવ છે, તેનાથી દર્શનઉપયોગરૂપનિરપેક્ષ પર્યાય પકડાય નહીં. જો કે ઉદયની અવસ્થા પ્રવાહે કરીને

**જીવરાજ એમ જ જાણવો, વળી શ્રદ્ધવો પણ એ રીતે,**
**એનું જ કરવું અનુચરણ પછી યત્નથી મોક્ષાર્થીએ. ૧૮. –શ્રી સમયસાર**

અનાદિથી ચાલી આવે છે, પણ તે અવસ્થા તો એક સમયપૂરતી જ છે. તે વિકારી પર્યાયના આશ્રયે ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય પકડાય નહીં.

ઉપશમ-આત્માના પુરુષાર્થથી કર્મનું પ્રગટરૂપ ફળ ન આવવું તે ઉપશમ છે. તેની અવસ્થા એક સમયે એક જ હોય, ઉપશમભાવ ભલે અસંખ્ય સમય સુધી ચાલે પણ તેની પ્રગટરૂપ પર્યાય તો એક સમયે એક જ હોય છે. સમયે સમયે બદલીને અસંખ્ય સમય ચાલે છે. વિકારી પર્યાય કે નિર્મળ પર્યાય એક સમય પૂરતી જ છે. ઉપશમ સમ્યગ્દર્શન કે ચારિત્રમાં એક સમયની જ પર્યાય છે. ઉપશમનો કાળ અસંખ્ય સમય છે પણ વર્તમાન તો એક સમયે એક જ પર્યાય પ્રગટ હોય. જેમ કોઈ માળા ફેરવતું હોય તેના હાથમાં એક વખતે માળાનો એક જ મણકો રહે, પછી એક એક મણકો ફેરવીને કોઈ અડધી માળા ફેરવે કે કોઈ આખી ફેરવે. તેમ વિકાર ભલે અનાદિનો છે પણ એક સમયે તો એક જ પર્યાય પ્રગટ હોય; તેવી જ રીતે વિશુદ્ધિની પ્રગટરૂપ પર્યાય પણ એક સમયે એક જ હોય; સમય સમય કરીને ભલે અનંતકાળ લંબાય.

લોકો કહે છે કે આમાં ક્રિયા ઊડે છે, પણ આ સમજવામાં ક્રિયા નહિ આવતી હોય? સમજણની અપૂર્વ ક્રિયા આમાં આવે છે. આમાં એક કલાક એકાગ્ર થાય તો એવાં ઊંચા પુણ્ય બંધાઈ જાય કે જગતમાં કોઈ ઠેકાણે તેવાં પુણ્ય નહિ હોય. અને જે સમજે તેનું તો કહેવું જ શું?

જુઓ! આ લાકડું છે તેનો બહારનો આકાર (વ્યંજનપર્યાય) એવો ને એવો દેખાય છે, છતાં સમયે સમયે તે પોતાની અવસ્થા બદલે જ છે. સ્થૂળદૃષ્ટિથી લાકડું એવું ને એવું લાગે છે. પણ તેની અવસ્થા દરેક સમયે બદલાય છે. દ્રવ્ય-ગુણ તો ધ્રુવ પડ્યા છે, અને તેની અવસ્થા એક સમયની જ પ્રગટ છે. બીજે સમયે બીજી અવસ્થા આવે છે. છદ્મસ્થનો ઉપયોગ અસંખ્ય સમયનો છે અને સામો પરમાણુઓનો સ્કંધ(લાકડું) પણ અસંખ્ય સમય સ્કંધરૂપે ટકી રહે છે તેથી એકરૂપ રહેતો હોય એવો ભ્રમ અજ્ઞાનને કારણે થઈ ગયો છે. અહીં ક્ષણિક પર્યાયનું લક્ષ છોડાવી ત્રિકાળી દ્રવ્યનું લક્ષ કરાવે છે. પર્યાય ઉપર લક્ષ જાય તો દ્રવ્યની શુદ્ધપર્યાય પ્રગટે નહીં. જો ઉપશમનું લક્ષ રહે તો અંદરનો સ્વભાવ સમજાય નહીં. અંદર કાયમ જે સત્ ત્રિકાળ એકરૂપ છે તે તરફ વળ્યો ત્યારે ઉપશમ કહેવાયો; એ રીતે જો કે ઉપશમભાવથી સ્વભાવનું લક્ષ થઈ શકે છે પરંતુ

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૦ ઉપર)

**નોકર્મ-કર્મે 'હું', હુંમાં વળી 'કર્મ ને નોકર્મ છે',**
**–એ બુદ્ધિ જ્યાં લગી જીવની, અજ્ઞાની ત્યાં લગી તે રહે. ૧૯. –શ્રી સમયસાર**



# વૈરાગ્ય–ભાવના

(શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

**जो जाणिऊण देहं, जीवसरूवादु तच्चदो भिण्णं ।**
**अप्पाणं पि य सेवदि, कज्जकरं तस्स अण्णत्तं ।।८२।।**

**અર્થ :—**જે જીવ પોતાના સ્વરૂપથી દેહને પરમાર્થપણે ભિન્ન જાણી આત્મસ્વરૂપને સેવે છે–ધ્યાવે છે, તેને આ અન્યત્વભાવના કાર્યકારી છે. ૮૨.

જેનાથી લાભ-નુકશાન માને તેનાથી આત્મા જુદો છે, એમ માની શકે નહિ. પોતાની પર્યાયબુદ્ધિથી નુકશાન છે ને સ્વભાવબુદ્ધિથી લાભ છે, તે સિવાય પરથી લાભ-નુકશાન નથી. જે જીવ દેહને પરમાર્થપણે ભિન્ન જાણે તે આત્મસ્વરૂપને ધ્યાવે છે. જીવના દ્રવ્ય-ગુણ-પર્યાય, અજીવના દ્રવ્ય-ગુણ-પર્યાયથી જુદા છે, એમ જે અંતરમાં ધ્યાવે છે ને જ્ઞાનને જ સેવે છે, તે પરનું અભિમાન કરતો નથી.

અત્યારે ઘણા આત્માની વાતો કરે છે પણ આત્મા હોય તો શરીર ચાલે, આત્મા હોય તો બોલે, વ્યવહારથી આત્મા શરીરને ચલાવી શકે એ બધી માન્યતાઓ તે અજ્ઞાન છે. શરીરાદિ પર છે, દેવ-ગુરુ-શાસ્ત્રનો રાગ પણ આત્માનું સ્વરૂપ નથી, એમ ભાન કરી પોતામાં એકાગ્રતા કરે તો તે ભાવના કાર્યકારી છે.

અહીંથી ઘણું સાહિત્ય બહાર પડ્યું એટલે લોકો તેને ધારીને વાતો કરવા માંડ્યા ને કહે કે અમે પણ આત્માની વાત જાણીએ છીએ ને અમે વ્યવહાર પણ સાચવીએ છીએ, પણ ખરેખર તે જીવો નિશ્ચય-વ્યવહાર એકે સ્વરૂપને જાણતા નથી. અભવી જીવ નવ પૂર્વ, અગિયાર અંગ ધારી ગયો ને પૂર્વને લીધે ઉઘાડ દેખાતો હોય તોપણ પર્યાયબુદ્ધિના કારણે તે સંસારમાં રખડે છે.

(૧) કોઈ જીવ માન ખાતર અથવા કષાય સેવવા માટે શાસ્ત્ર વાંચન કે ઉપદેશ કરે છે, તેનો જ્ઞાનનો ઉઘાડ તો વર્તમાનને લીધે નથી પણ પૂર્વની લબ્ધિ લઈને આવેલા છે તે ઉપયોગરૂપ વ્યક્ત થાય છે. વર્તમાન ભાવ તો અશુભ છે તેના નિમિત્તે જ્ઞાનનો ઉઘાડ થતો નથી.

**હું આ અને આ હું, હું છું આનો અને છે મારું આ,**
**જે અન્ય કો પરદ્રવ્ય મિશ્ર, સચિત્ત અગર અચિત્ત વા; ૨૦. –શ્રી સમયસાર**

(૨) બીજો જીવ શુભ પરિણામ કરે છે, માનાદિ સેવતો નથી તેને જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ થાય છે પણ તે પરલક્ષે હોવાથી પરને જાણે છે. આત્માને જાણતો નથી.

(૩) કોઈ જીવ પર્યાયબુદ્ધિ છોડી, સ્વતરફ વળે તે ક્ષયોપશમભાવ પણ પર્યાય છે, એમ સમજી દ્રવ્ય તરફ વળે તો તે ઉઘાડ આત્માને જાણવામાં નિમિત્ત કહેવાય.

'નિજ આત્માથી ભિન્ન પર જાણે જે નર દક્ષ,
નિજમાં રમે વમે અપર તે શિવ લખે પ્રત્યક્ષ.'

શરીર, મન, વાણી, રાગ-દ્વેષ વગેરે બધું પોતાના આત્માથી પર છે, એમ જે ડાહ્યો જીવ જાણે છે તે પોતાના સ્વભાવમાં રમે છે. તેનો પરભાવ છૂટી જાય છે ને મોક્ષમાર્ગ પામી તેનો પ્રત્યક્ષ મોક્ષ થાય છે.

## ૬. અશુચિત્વાનુપ્રેક્ષા

**सयल–कुहियाण पिंडं किमि–कुल–कलियं अउव्व–दुग्गंधं ।**
**मल–मुत्ताण य गेहं देहं जाणेहि असुइमयं ।।८३।।**

**अर्थ :—**હે ભવ્ય! તું આ દેહને અપવિત્રમય જાણ! કેવો છે એ દેહ? સઘળી કુત્સિત્ અર્થાત્ નિંદનીય વસ્તુઓનો પિંડ–સમુદાય છે. વળી તે કેવો છે? કૃમિ અર્થાત્ ઉદરના જીવ જે કીડા તથા નિગોદિયા જીવોથી ભરેલો છે, અત્યંત દુર્ગન્ધમય છે તથા મળ-મૂત્રનું ઘર છે. ૮૩.

શરીરને એકલું અશુચિ માને તો દ્વેષ છે. પ્રથમ શરીર ઉપર રાગ હતો. પછી દ્વેષ કરે છે તે અશુચિભાવના નથી. આત્મા પવિત્ર ચિદાનંદમૂર્તિ છે, એવી પવિત્રતાની દશાવાળો અપવિત્રતા શરીરમાં રહેલી છે તેનો વિચાર કરે છે. કેવો છે દેહ? નાકના લીંટ, પરસેવા, પેશાબ, ચામડી, ચરબી વગેરેથી ભરેલો છે. સારી મીઠાઈ બનાવી હોય તે મોઢામાં નાખી તુરત બહાર કાઢીને જુએ તો તે ખરાબ માલૂમ પડે છે, માટે બહારના પદાર્થોની ને શરીરની રુચિ છોડીને આત્માની રુચિ કર. શરીરમાં કીડા ને નિગોદના જીવો ભરેલા છે. વળી તે અત્યંત દુર્ગંધવાળું ને મળમૂત્રથી ભરેલું છે, આમ વિચારી અપવિત્ર શરીરથી ભિન્ન હું આત્મા છું એમ પવિત્ર ચૈતન્યની ભાવના ભાવતાં એકાગ્રતા વધે છે, તેને સંવર થાય છે.

**હતું મારું આ પૂર્વે, હું પણ આનો હતો ગતકાળમાં,**
**વળી આ થશે મારું અને આનો હું થઈશ ભવિષ્યમાં; ૨૧. –શ્રી સમયસાર**

આ ભાવનાનો અધિકાર છે. આત્માનો સ્વભાવ જ્ઞાન ને આનંદ છે. શરીરની ક્રિયા હું કરી શકતો નથી, પરમાં સુખ નથી, મારું સુખ મારામાં છે, એવું ભાન હોવા છતાં સર્વજ્ઞપણું ને આનંદનું અનંતપણું પ્રગટ થયું નથી, તે જીવ આ બાર ભાવના ભાવે છે. તેમાં આ અશુચિભાવના છે. આ શરીરને સર્વ અપવિત્ર વસ્તુના ઢગલારૂપ જાણ, આત્મા જ્ઞાનનો ઢગલો છે તેમ જેને ભાન થયું છે તે વિચારે છે કે શરીર વિષ્ટા, પેશાબ, થૂંક, લોહી, ચરબી વગેરેનો ઢગલો છે. અજ્ઞાની પણ એમ બોલે છતાં તેને અજ્ઞાનમય વૈરાગ્યમાં દ્વેષ છે, તેને ભાવના હોતી નથી. જ્ઞાની વિચારે છે કે મારો આત્મા પૂર્ણ જ્ઞાન ને આનંદમય છે અને આ શરીર અશુચિનો પિંડ છે. આત્મામાં અપવિત્રતા નથી ને શરીરમાં પવિત્રતા નથી, એમ ભેદજ્ઞાન વર્તે છે.

**सुट्ठु पवित्तं दव्वं सरस–सुगंधं मणोहरं जं पि ।**
**देह–णिहित्तं जायदि घिणावणं सुट्ठु दुग्गंधं ।।८४।।**

**अर्थ :—**રૂડા, પવિત્ર, સુરસ અને મનોહર સુગંધિત દ્રવ્યો છે તે પણ આ દેહમાં નાખતાંની સાથે જ ઘૃણાસ્પદ અને અત્યંત દુર્ગન્ધમય બની જાય છે. ૮૪.

મોસંબી, રસગુલ્લા, જાંબુ, મેસૂબ વગેરે સુરસ ને મનને હરવાવાળાં સુગંધીત દ્રવ્યો છે, તે મોઢામાં નાખીને થોડીવાર પછી બહાર કાઢીને જોવામાં આવે તો દુર્ગંધવાળા થઈ જાય છે. આમ શરીર અપવિત્ર છે ને આત્મા ચૈતન્યસ્વરૂપ પવિત્ર છે—એમ વૈરાગ્ય લાવી આત્મામાં એકાગ્રતા કરે છે.

શરીરનો સંગ કરે તો આ વસ્તુ બગડી જાય છે પણ જે પોતાના આત્માનો સંગ કરે તેને શાંતિ ને સુખ મળે તેમ છે. જંગલમાં વસતા મુનિઓ આ ભાવના ભાવે છે. આ દેહને ચંદનવાળું કર્યું હોય તોપણ થોડા વખતમાં તે દુર્ગંધમય થઈ જાય છે. અજ્ઞાનીને સુવાળું, રૂપાળું શરીર મળે તો તેમાં જ તે સર્વસ્વ માને છે. શરીર ઠીક હોય તો ઠીક એમ માને છે. શરીર-શરીરના કારણે છે, શાંતિ અંતરમાં છે, એમ ખ્યાલ કરે તો શાંતિ મળે તેમ છે. સરસ વસ્તુઓ ખાધા પછી તે પણ મળરૂપે પરિણમી જાય છે. જેમ દૂધ ને પાણી જુદા છે, તેમ શરીર ને આત્મા જુદા છે, તેમનો નૈમિત્તિક સંબંધ છૂટી જતાં એકલો આત્મા રહી જાય છે. વળી અન્ય વસ્તુ પણ દેહના સ્પર્શમાત્રથી અસ્પશ્ય થઈ જાય છે. લીલા ક્ષયવાળાને ઘી ખાય અથવા ગમે તે ખાય તો કફરૂપે થઈ જાય છે. મોસંબીનું પાણી માથે ઢોળીને કોઈ પીશે ? આમ દેહ અશુચિમય છે ને તેમાં સુખ નથી પણ પોતામાં સુખ છે, એમ માનવું. (ક્રમશઃ) ❊

# જિનેન્દ્ર-દર્શનનો ભાવભીનો ઉપદેશ

(શ્રી પદ્મનંદિ પંચવિંશતિકાના દેશવ્રતોદ્યોતન અધિકાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

ભગવાનની પ્રતિમા જોતાં 'અહો, આવા ભગવાન!' એમ એકવાર પણ જો સર્વજ્ઞદેવનું યથાર્થસ્વરૂપ લક્ષગત કરી લીધું તો કહે છે કે ભવથી તારો બેડો પાર છે. સવારમાં ભગવાનના દર્શન વડે પોતાના ઈષ્ટ-ધ્યેયને સંભાળીને પછી જ શ્રાવક બીજી પ્રવૃત્તિ કરે. એ જ રીતે પોતે જમતાં પહેલાં મુનિવરોને યાદ કરે કે અહા, કોઈ સંત-મુનિરાજ કે ધર્માત્મા મારા આંગણે પધારે તો ભક્તિપૂર્વક તેમને ભોજન કરાવીને પછી હું જમું. દેવ–ગુરુની ભક્તિનો આવો પ્રવાહ શ્રાવકનાં હૃદયમાં વહેતો હોય. ભાઈ! ઊઠતાંવેંત સવારમાં તને વીતરાગ ભગવાન યાદ નથી આવતા, ધર્માત્મા સંત-મુનિ યાદ નથી આવતા, ને સંસારનાં ચોપાનિયાં, વેપારધંધા કે સ્ત્રી આદિ યાદ આવે છે, તો તું જ વિચાર કે તારી પરિણતિ કઈ તરફ જઈ રહી છે?

ભગવાન સર્વજ્ઞદેવની શ્રદ્ધાપૂર્વક ધર્મી શ્રાવકને રોજ જિનેન્દ્રદેવના દર્શન, સ્વાધ્યાય, દાન વગેરે કાર્યો હોય છે તેનું વર્ણન ચાલે છે; તેમાં સાતમી ગાથાથી શરૂ કરીને સત્તરમી ગાથા સુધી અનેક પ્રકારે દાનનો ઉપદેશ કર્યો. જે જીવ જિનેન્દ્રદેવનાં દર્શન-પૂજન નથી કરતો તથા મુનિવરોને ભક્તિપૂર્વક દાન નથી દેતો તેનું ગૃહસ્થપણું પત્થરની નૌકા સમાન ભવસમુદ્રમાં ડૂબાડનાર છે–એમ હવે કહે છે—

(शार्दुलविक्रीडित)

यैर्नित्यं न विलोक्यते जिनपतिः न स्मर्यते नार्च्यते।
न स्तूयेत न दीयते मुनिजने दानं न भक्त्या परम्॥
सामर्थ्ये सति यद्गृहाश्रमपदं पाषाणनावा समं।
तत्रस्था भवसागरेतिविषमे मज्जन्ति नश्यन्ति च॥१८॥

અર્થ :—જે મનુષ્ય પ્રતિદિન જિનેન્દ્રદેવનું ન તો દર્શન કરે છે, ન સ્મરણ કરે છે, ન પૂજન કરે છે, ન સ્તુતિ કરે છે અને સમર્થ હોવા છતાં પણ ભક્તિથી મુનિજનોને ઉત્તમ દાન પણ દેતા નથી; તેમનું ગૃહસ્થાશ્રમ પદ પત્થરની નાવ સમાન છે. તેના ઉપર બેસીને તે મનુષ્યો અત્યંત ભયાનક સંસારરૂપી સમુદ્રમાં ગોથા ખાતા થકા નાશ જ પામવાના છે. ૧૮.

અયથાર્થ આત્મવિકલ્પ આવો, જીવ સંમૂઢ આચરે;
ભૂતાર્થને જાણેલ જ્ઞાની એ વિકલ્પ નહીં કરે. ૨૨. –શ્રી સમયસાર

સામર્થ્ય હોવા છતાં પણ જે ગૃહસ્થ હંમેશાં પરમ ભક્તિથી જિનપતિનાં દર્શન નથી કરતો, અર્ચન નથી કરતો ને સ્તવન નથી કરતો, તેમ જ પરમ ભક્તિથી મુનિજનોને દાન નથી દેતો, તેનું ગૃહસ્થાશ્રમપદ પત્થરની નાવ સમાન છે; તે પત્થરની નૌકા જેવા ગૃહસ્થપદમાં સ્થિત થયેલો તે જીવ અત્યંત ભયંકર એવા ભવસાગરમાં ડૂબે છે ને નષ્ટ થાય છે.

જિનેન્દ્રદેવ—સર્વજ્ઞપરમાત્માનાં દર્શન—પૂજન તે શ્રાવકનું હંમેશનું કર્તવ્ય છે. હંમેશનાં છ કર્તવ્યમાં પણ સૌથી પહેલું કર્તવ્ય જિનેન્દ્રદેવનાં દર્શન-પૂજન છે સવારમાં ભગવાનનાં દર્શન વડે પોતાના ધ્યેયરૂપ ઈષ્ટપદને સંભાળીને પછી જ શ્રાવક બીજી પ્રવૃત્તિ કરે. એ જ રીતે પોતે જમતાં પહેલાં હંમેશાં મુનિવરોને યાદ કરે કે અહા ! કોઈ સંત-મુનિરાજ કે ધર્માત્મા મારા આંગણે પધારે તો ભક્તિપૂર્વક તેમને ભોજન કરાવીને પછી જ હું જમું.—આ રીતે શ્રાવકના હૃદયમાં દેવ-ગુરુની ભક્તિનો પ્રવાહ વહેતો હોય. જે ઘરમાં આવી દેવ-ગુરુની ભક્તિ નથી તે ઘર તો પથરાની નૌકા જેવું ડુબાડનાર છે. છઠ્ઠા અધિકારમાં (શ્રાવકાચાર—ઉપાસકસંસ્કાર ગાથા ૩૫માં) પણ કહ્યું હતું કે દાન વગરનો ગૃહસ્થાશ્રમ પત્થરની નૌકા સમાન છે. ભાઈ ! ઊઠતાંવેંત સવારમાં તને વીતરાગ ભગવાન યાદ નથી આવતા, ધર્માત્મા સંત-મુનિ યાદ નથી આવતા, ને સંસારનાં ચોપાનિયાં, વેપારધંધા કે સ્ત્રી આદિ યાદ આવે છે, તો તું જ વિચાર કે તારી પરિણતિ કઈ તરફ જઈ રહી છે ?—સંસાર તરફ કે ધર્મ તરફ ? આત્મપ્રેમી હોય તેનું તો જીવન જ જાણે દેવ-ગુરુમય થઈ જાય.

'હરતાં ફરતાં પ્રગટ હરિ દેખું રે.... મારું જીવ્યું સફળ તબ લેખું રે.....'

પં બનારસીદાસજી કહે છે કે 'जिनप्रतिमा जिन सारखी' જિનપ્રતિમામાં જિનવરદેવની સ્થાપના છે, તેના ઉપરથી જિનવરદેવનું સ્વરૂપ જે ઓળખી લ્યે છે, એ જ રીતે જિનપ્રતિમાને જિનસમાન જ દેખે છે, તે જીવને ભવસ્થિતિ અતિ અલ્પ હોય છે, અલ્પકાળે તે મોક્ષ પામે છે. 'ષટ્ખંડાગમ' (ભાગ ૬ પાનું ૪૨૭) માં પણ જિનબિંબદર્શનને સમ્યક્ત્વની ઉત્પત્તિનું નિમિત્ત કહ્યું છે તથા તેનાથી નિદ્ધત અને નિકાચિતરૂપ મિથ્યાત્વાદિ કર્મકલાપનો પણ ક્ષય થવાનું કહ્યું છે. એની રુચિમાં વીતરાગી—સર્વજ્ઞ સ્વભાવ પ્રિય લાગ્યો છે ને સંસારની રુચિ એને છૂટી ગઈ છે—એટલે નિમિત્તમાં પણ એવા વીતરાગી નિમિત્ત પ્રત્યે તેને ભક્તિભાવ ઊછળે છે. જે

**અજ્ઞાનથી મોહિતમતિ બહુભાવસંયુત જીવ જે,**
**'આ બદ્ધ તેમ અબદ્ધ પુદ્ગલદ્રવ્ય મારું' તે કહે. ૨૩. –શ્રી સમયસાર**

પરમભક્તિથી જિનેન્દ્ર-ભગવાનનાં દર્શન નથી કરતો. તો એનો અર્થ એ થયો કે એને વીતરાગભાવ નથી રુચતો, એને તરવાનું નિમિત્ત નથી રુચતું પણ સંસારમાં ડૂબવાનું નિમિત્ત રુચે છે. જેવી રુચિ હોય તેવા પ્રકાર તરફ વલણ ગયા વગર રહે નહિ. માટે કહે છે કે વીતરાગી જિનદેવને દેખતાં જેના અંતરમાં ભક્તિ નથી ઉલ્લસતી, જેને પૂજા-સ્તુતિનો ભાવ નથી જાગતો તે ગૃહસ્થ દરિયા વચ્ચે પથ્થરની નાવમાં બેઠો છે. નિયમસારમાં પદ્મપ્રભમુનિ કહે છે કે—હે જીવ!

भवभयभेदिनि भगवति भवतः किं भक्तिरत्र न शमस्ति?
तर्हि भवाम्बुधिमध्यग्राहमुखान्तर्गतो भवसि॥१२॥

ભવભયને ભેદનારા એવા આ ભગવાન પ્રત્યે શું તને ભક્તિ નથી?—જો નથી તો તું ભવસમુદ્રની વચ્ચે મગરના મુખમાં છે.

અરે, મોટા મોટા મુનિઓ પણ જિનવરદેવનાં દર્શન અને સ્તુતિ કરે છે ને તને જો એવો ભાવ નથી આવતો, ને એકલા પાપમાં જ રચ્યોપચ્યો રહે છે તો તું ભવસમુદ્રમાં ડુબી જઈશ, ભાઈ! માટે તારે આ ભવદુઃખના દરિયામાં ન ડુબવું હોય ને એનાથી તરવું હોય તો સંસાર તરફનું તારું વલણ બદલીને વીતરાગી દેવ-ગુરુ તરફ તારા પરિણામને વાળ, તેઓ ધર્મનું સ્વરૂપ શું કહે છે તે સમજ, તેમણે કહેલા આત્મસ્વરૂપને રુચિમાં લે;—તો ભવસમુદ્રમાંથી તારો છૂટકારો થશે.

ભગવાનની મૂર્તિમાં 'આ ભગવાન છે' એવો સ્થાપનાનિક્ષેપ ખરેખર સમ્યગ્દૃષ્ટિને જ હોય છે; કેમકે, સમ્યગ્દર્શનપૂર્વક પ્રમાણજ્ઞાન હોય છે, પ્રમાણપૂર્વક સમ્યક્ નય હોય છે, ને નય વડે સાચો નિક્ષેપ થાય છે. નિક્ષેપ નય વિના નહિ, નય પ્રમાણ વિના નહિ, ને પ્રમાણ શુદ્ધાત્માની દૃષ્ટિ વગર નહીં. અહા, જુઓ તો ખરા, આ વસ્તુસ્વરૂપ! જૈનદર્શનની એક જ ધારા ચાલી જાય છે. ભગવાનની પ્રતિમા જોતાં 'અહો આવા ભગવાન!' એમ એકવાર પણ જો સર્વજ્ઞદેવનું યથાર્થ સ્વરૂપ લક્ષગત કરી લીધું, તો કહે છે કે ભવથી તારો બેડો પાર છે!

અહીં એકલા દર્શન કરવાની વાત નથી કરી, પણ એક તો 'પરમ ભક્તિ' થી દર્શન કરવાનું કહ્યું છે, તેમજ અર્ચન (—પૂજન) અને સ્તુતિ કરવાનું પણ કહ્યું છે. સાચી ઓળખાણપૂર્વક જ પરમ ભક્તિ જાગે; ને સર્વજ્ઞદેવની સાચી ઓળખાણ હોય ત્યાં તો આત્માનો સ્વભાવ લક્ષગત થઈ જાય, એટલે તેને દીર્ઘસંસાર હોય નહીં. આ રીતે ભગવાનના દર્શનની વાતમાં પણ ઊંડું રહસ્ય છે. માત્ર ઉપર ઉપરથી માની લ્યે

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૦ ઉપર)



## અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

આત્મામાં અનંત ગુણો છે તેની વાત ચાલે છે. કોઈ આત્માને એકાંત અદ્વૈત કહે અથવા ગુણ-પર્યાય નથી એમ કહે તો તેના પરિહાર અર્થે આત્માના બધા ગુણોની વાત કરે છે. આત્મામાં અભોક્તૃત્વ નામનો ગુણ છે, તેને લીધે આત્મા વિકારનો અભોક્તા છે.

**૨૫. અસાધારણ** : આત્મા પરથી સાધારણ નથી પણ અસાધારણ છે. બધામાં વહેંચાઈ જાય તેવો નથી. અસાધારણ ન હોય તો જડ ને ચેતન એક થઈ જાત. અસાધારણ ગુણને લીધે જીવ એક બીજા પદાર્થોથી જુદા પડે છે.

**૨૬. સાધારણ** : આત્મામાં સાધારણ ગુણ છે. સત્‌ની અપેક્ષાએ જેમ ધર્મ છે, અધર્મ છે, પુદ્‌ગલ છે તેમ આત્મા પણ છે. એમ 'છે'ની અપેક્ષાએ આત્મા સત્‌ છે.

**૨૭. તત્ત્વ** : પોતાનું તત્ત્વ પોતાથી છે. પોતાનું તત્ત્વ પોતામાં ન હોત તો વસ્તુસ્વરૂપ ધારી શકત નહીં.

**૨૮. અતત્ત્વ** : અતત્ત્વ નામનો ગુણ છે. તે ન હોય તો બીજાં તત્ત્વ પોતામાં આવી જાત. શરીર, કર્મ આદિનું તત્ત્વ પોતામાં આવતું નથી.

**૨૯. ભાવ** : આત્મામાં ભાવ નામનો ગુણ છે તે ન હોય તો સ્વભાવનો ભાવ ભવિષ્યકાળમાં ન રહેત. જે ભાવ હતો તે અત્યારે છે ને ભવિષ્યમાં રહેશે તે ભાવ છે.

**૩૧. ભાવાભાવ** : ભાવાભાવ વિના પરિણમન સમયમાત્ર ન સંભવત. વર્તમાન પર્યાય છે તે ભાવ છે ને તેનો બીજે સમયે અભાવ થાય છે. તેવો ગુણ ન હોત તો આત્મામાં પરિણમન રહેત નહિ. દરેક સમયના પરિણમનનો બીજા સમયે અભાવ થાય છે, એવો ગુણ આત્મામાં છે. આ ગુણ ન હોય તો સમય સમયનું પરિણમન સિદ્ધ થાય નહિ.

**૩૨. અભાવભાવ** : ભવિષ્યકાળની પર્યાયનો વર્તમાનમાં અભાવ છે પણ ભવિષ્યમાં તેનો ભાવ થશે માટે અભાવભાવ ગુણ છે. જો તે ન હોય તો ભાવીનું પરિણમન ન આવત.

**સર્વજ્ઞજ્ઞાન વિષે સદા ઉપયોગલક્ષણ જીવ જે,**
**તે કેમ પુદ્‌ગલ થઈ શકે કે 'મારું આ' તું કહે અરે! ૨૪.**　　**–શ્રી સમયસાર**

**૩૩. અભાવ :** કર્મોનો આત્મામાં ત્રણેકાળ અભાવ છે. જો અભાવ ન હોય તો કર્મનો સદ્ભાવ સદાય રહ્યા કરત. કર્મની પેઠે શરીર, મન, વાણી—બધાનો આત્મામાં ત્રણે કાળ અભાવ છે. સંસારમાં કર્મનો સંબંધ પર્યાય સાથે નિમિત્ત-નૈમિત્તિકરૂપે છે, પણ ત્રિકાળી સ્વભાવમાં કર્મનો અત્યંત અભાવ છે.

**૩૪. સર્વથા અભાવ અભાવ :** આત્મામાં અભાવ અભાવગુણ છે. કર્મનો અત્યારે આત્મામાં અભાવ છે પણ ભવિષ્યમાં કદાચ ભાવ થાય તો ? પણ એમ બનતું નથી. ત્રણે કાળે કર્મનો આત્મામાં અભાવ છે.

લોકો કહે છે કે કર્મો હેરાન કરે છે, પણ તે વાત ખોટી છે. પોતે રખડે તો કર્મને નિમિત્ત કહેવાય ને કર્મના નિમિત્તે સંયોગો બહારમાં મળે છે, પણ કર્મોનો આત્મામાં ત્રણે કાળે અભાવ છે. આ ગુણ હોય તો આત્મામાં ભવિષ્યમાં કર્મનો સદ્ભાવ થઈ જાત, પણ એમ બનતું નથી. જે કર્મના કારણે સંયોગો મળે તે કર્મ આત્મામાં નથી, તો પછી બહારના સંયોગો તો આત્મામાં છે જ નહિ.

**૩૫. કર્તા :** કર્તા નામનો ગુણ છે. તેથી પોતાના સ્વાભાવિક કાર્યનો કર્તા છે, શુદ્ધ ચેતનાના કાર્યનો કર્તા છે. જો તે ગુણ ન હોત તો સ્વાભાવિક પરિણમન ન થાત. આત્મા સ્વભાવનો કર્તા છે, પરનો કર્તા નથી. તે વાત તેમાં આવી જાય છે. જ્ઞાનાનંદ સ્વભાવ છે. તેનો કર્તા ન હોત તો આનંદનું પરિણમન થઈ શકત નહિ.

**૩૬. કર્મ :** વીતરાગી દશારૂપ કાર્ય થવાનો ગુણ આત્માનો ત્રિકાળ છે. દ્રવ્યકર્મ કે ભાવકર્મની વાત નથી. કર્મ એટલે સ્વાભાવિક કાર્ય, નિર્મળાનંદ દશારૂપી કાર્ય. પરિણમનારો આત્મા કર્તા છે, આનંદરૂપ પરિણમન તેનું કાર્ય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ થાય તે તો પર્યાય છે, તેની વાત નથી, પણ કર્મ નામનો ત્રિકાળ ગુણ છે. જેવા સમકિત, દર્શન ને જ્ઞાન આદિ ગુણો છે, તેમ કર્મ નામનો ગુણ ત્રિકાળ છે. કેવળજ્ઞાનરૂપ દશા તે કાર્ય છે. જો કર્મ ગુણ ન હોત તો આ કાર્ય થાત નહિ. આમ બતાવી પર્યાયબુદ્ધિ ઉડાડે છે ને સ્વભાવબુદ્ધિ કરાવે છે. સ્વભાવબુદ્ધિ કરે તેને આત્માનો અનુભવ થાય.

શરીર, કર્મ આદિના કાર્યની વાત નથી. આત્માને આધીન તેનું કાર્ય છે જ નહિ તેમ જ વિકારી પરિણામ થવા તે પણ તેનું કર્મ નથી. વીતરાગી પર્યાયના કર્તાનો ગુણ

**જો જીવ પુદ્ગલ થાય, પામે પુદ્ગલો જીવત્વને,**
**તું તો જ એમ કહી શકે 'આ મારું પુદ્ગલદ્રવ્ય છે'. ૨૫. –શ્રી સમયસાર**

તેમ જ વીતરાગી પર્યાયના કાર્યરૂપે થવાનો ગુણ આત્મામાં ત્રિકાળ છે. તે ન હોય તો સ્વભાવનું કાર્ય ન થાત. અરૂપી આત્માના અસંખ્ય પ્રદેશમાં આ ગુણ રહેલો છે. આત્મામાં બધા ગુણો એકસાથે છે, પણ સમજાવવામાં ક્રમ પડે છે, ત્યાં તો ગુણો અક્રમ બધા એકસાથે પડેલા છે.

સંસારની વાતોમાં અજ્ઞાનીને ઘણો રસ પડે છે, પણ બહારના સંયોગો પોતાને હાથ નથી. લક્ષ્મી, દુકાન વગેરેમાં પોતાનું ધાર્યું થતું નથી, છતાં તેમાં રસ લ્યે છે, પણ આત્માની વાત સમજતાં કંટાળો આવે છે. બારોટ પોતાના બાપ-દાદાની વાત કરે તો અજ્ઞાની ખુશ થઈ જાય. અહીં ભગવાન કહે છે કે તારા આત્મામાં આટલો ખજાનો ભર્યો છે તે જો. અહીં કર્મ-ગુણની વાત કહે છે. જડકર્મ નહિ, વિભાવરૂપી કર્મ નહિ. તેમ જ સ્વાભાવિક પર્યાયરૂપી કાર્ય નહીં, પણ ત્રિકાળ ગુણ કર્મ છે તેની વાત કરે છે.

**૩૭. કરણ :** નિજકાર્ય કરવામાં ઉત્સુક સાધનને કરણકારણ નામે ગુણ કહેલ છે. ધર્મનું સાધન પોતે બનાવે છે. સાધન નામનો ગુણ સદાય આત્મામાં છે. તે ન હોત તો સ્વરૂપપરિણમન-સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી પરિણમન ન થાત. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના સાધન વડે મોક્ષ થાય છે. એવો ત્રિકાળ સાધન નામનો ગુણ છે. ચોથો કાળ, મજબૂત સંહનન વગેરેને અજ્ઞાની જીવો કેવળજ્ઞાનનું સાધન કહે છે પણ તે ખરું સાધન નથી. કરણ નામનો ગુણ પરિણમીને સાધન થાય છે. સાધકદશામાં દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યેના શુભ રાગને ઉપચારથી સાધન કહેવાય છે, પણ જો કરણ નામનો ગુણ આત્મામાં ન હોત તો આત્માના સ્વરૂપનું સાધન ન થાત. તે ગુણ છે તો વીતરાગી દશારૂપે તે પરિણમી રહ્યો છે. નિમિત્તો બાહ્યમાં હોવા છતાં ને શુભરાગ હોવા છતાં આ કરણ ન હોત તો વીતરાગી દશા ન થાત. તે સાધન દ્રવ્યમાં ત્રિકાળ પડ્યું છે. નિમિત્તમાં કે રાગમાં સાધન નથી.

**૩૮. સંપ્રદાન :** આત્મામાં સંપ્રદાન નામનો ગુણ છે. તે ન હોત તો પોતાની શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રરૂપી વીતરાગી દશા પોતાને સમર્પણ થઈ ન શકત આ ગુણને લીધે પોતાની નિર્મળ પર્યાય પ્રગટાવી પોતાને સોંપે છે. આત્મા પર પદાર્થનું દાન આપી શકતો નથી તેમજ રાગ કરીને પોતામાં તેને રાખી શકતો નથી. નિર્મળ પર્યાય પ્રગટાવી પોતામાં રાખી શકે છે, તે સંપ્રદાનગુણને લીધે છે.

**જો જીવ હોય ન દેહ તો આચાર્ય-તીર્થંકર તણી**
**સ્તુતિ સૌ ઠરે મિથ્યા જ, તેથી એકતા જીવ-દેહની! ૨૬. –શ્રી સમયસાર**


**૩૯. અપાદાન** : આત્મામાં અપાદાન ગુણ છે. તે ન હોત તો પોતાથી પોતાવડે પોતારૂપ ન રહેત, પણ પરરૂપ થઈ જાત. સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે શુભરાગ હોય પણ તે વ્યવહાર હેતુરૂપ ક્યારે કહેવાય? ને તે શુભરાગને બાહ્ય ચીજો નિમિત્ત ક્યારે કહેવાય? પોતે પોતાનું સાધન પ્રગટ કરે તો શુભરાગ તથા બાહ્યચીજોને સાધનરૂપ નિમિત્ત કહેવાય. અહીં અપાદાનગુણની વાત છે. વીતરાગી દશા પોતામાંથી પ્રગટે છે. પોતાથી પોતા વડે નિર્મળતા પ્રગટે છે, નિમિત્તથી કે રાગથી ધર્મ થઈ શકે એવો ગુણ આત્મામાં નથી. પોતાથી પોતા વડે પોતામાં રહે તેવો ગુણ આત્મામાં છે.

**૪૦. અધિકરણ** : આત્મામાં અધિકરણ—આધાર નામે ગુણ છે. એરણ ઉપર દાગીનો ટીપે છે તે એરણને આધાર કહેવાય છે. તે વ્યવહાર દૃષ્ટાંત છે. તેમ આત્મામાં અધિકરણ નામનો ગુણ છે. તેના આધારે નિર્મળતા પ્રગટે છે, નિમિત્ત કે વ્યવહારના આધારે ધર્મ પ્રગટતો નથી. વીતરાગી પર્યાયનો આધાર ત્રિકાળી આધાર નામનો ગુણ છે. સ્તવનમાં પ્રભુને આધાર કહે છે, તે નિમિત્તથી કથન છે. આત્માનો આધાર અથવા ધર્મથી દશાનો આધાર—અધિકરણ નામનો ત્રિકાળી ગુણ છે.

આત્માની પેઠે દરેક દ્રવ્યમાં નિરંતર પોતપોતાનું કાર્ય કરનારા છ કારકો સ્વતંત્ર રહેલા છે. અહીં આત્માની વાત ચાલે છે. જો રાગના આધારે ધર્મ હોય તો રાગ ટળી જતાં ધર્મનો પણ અભાવ થઈ જાય, મનુષ્ય દેહ અથવા મજબૂત સંહનનનો આધાર હોય તો તે ખસી જતાં નિર્મળતા રહેત નહિ, પણ એમ નથી. શાસ્ત્રમાં કથન આવે છે કે જિનમંદિરો હોય, મુનિઓ વિચરતા હોય તો ધર્મની પ્રભાવના થાય. એ નિમિત્તથી કથન છે. શુભ વિકલ્પ આવે પણ તેના આધારે કે મંદિરોના આધારે ધર્મ પ્રગટતો નથી, પણ અધિકરણ ગુણના આધારે ધર્મ પ્રગટે છે, ટકે છે ને વધે છે. જો રાગ અને પુણ્યને લીધે ધર્મ હોય ને શાસ્ત્રથી ધર્મ હોય તો તે ખસી જતાં અથવા રાગ ટળી જતાં તે ધર્મનો નાશ થઈ જાય પણ એમ બનતું નથી.

કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણ—આ છ કારકો થયા તે પરની અપેક્ષા રાખતા નથી. કોઈ ઈશ્વરને જગતકર્તા ઠરાવે તે ખોટી વાત છે. પોતે પોતાનો કર્તા છે, નિર્મળતારૂપી કર્મ થાય એવો પોતાનામાં ગુણ છે, પોતે સાધન છે, પોતે પોતાને દાન આપે, પોતે પોતાથી પોતાવડે નિર્મળતા પ્રગટાવે ને પોતાને આધારે નિર્મળતા પ્રગટાવે આમ છ ગુણો પોતામાં છે. (ક્રમશઃ) ❊

**જીવ-દેહ બન્ને એક છે—વ્યવહારનયનું વચન આ;**
**પણ નિશ્ચયે તો જીવ-દેહ કદાપિ એક પદાર્થ ના. ૨૭. –શ્રી સમયસાર**



## પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં વચનામૃત ઉપર પરમપૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પ્રવચનો

### વચનામૃત–૩૧

**સમ્યગ્દૃષ્ટિને જ્ઞાન–વૈરાગ્યની એવી શક્તિ પ્રગટી છે કે ગૃહસ્થાશ્રમમાં હોવા છતાં, બધાં જ કાર્યોમાં ઊભા હોવા છતાં, લેપ લાગતો નથી, નિર્લેપ રહે છે; જ્ઞાનધારા ને ઉદયધારા બે જુદી પરિણમે છે; અલ્પ અસ્થિરતા છે તે પોતાના પુરુષાર્થની નબળાઈથી થાય છે, તેના પણ જ્ઞાતા રહે છે. ૩૧.**

**'સમ્યગ્દૃષ્ટિને જ્ઞાન-વૈરાગ્યની એવી શક્તિ પ્રગટી છે કે ગૃહસ્થાશ્રમમાં હોવા છતાં, બધાં જ કાર્યોમાં ઊભા હોવા છતાં, લેપ લાગતો નથી, નિર્લેપ રહે છે;'**

શું કહે છે? સમ્યગ્દૃષ્ટિ એટલે જેને આત્માના પૂર્ણ સ્વભાવનો અંદરમાં વિશ્વાસ લાવીને આત્માનું સાચું શ્રદ્ધાન—સમ્યક્ દર્શન—થયું છે તે. હું જ્ઞાન-આનંદ આદિ અનંત શક્તિઓથી ભરપૂર પદાર્થ છું—એમ પહેલાં ભરોસો આવ્યો ત્યારે અંદર આત્માનો અનુભવ થયો. પૂર્ણ સ્વભાવને ગ્રહણ કરવાથી અંદર વિશ્વાસ થાય છે. અનાદિથી જીવનો વિશ્વાસ વર્તમાન પર્યાયમાં છે; પણ એ પર્યાય જ્યાં છે ત્યાં જ પાછળ ઊંડે, એના તળિયે આખી પૂર્ણ વસ્તુ છે; અનંત અનંત અપરિમિત શક્તિઓનો તે સાગર છે. એનો જેને અંદર શ્રદ્ધામાં વિશ્વાસ આવે અને અંતર અનુભવમાં જાય તેને સમ્યગ્દૃષ્ટિ કહેવાય છે.

જીવે અનાદિથી પોતાની શક્તિની સંભાળ કદી લીધી નથી, કારણ કે તેની નજર એક સમયની પર્યાય ને રાગ ઉપર જ છે. તેથી એની નજરમાં ભગવાન આત્મા—જે અંદર પૂર્ણસ્વરૂપ દ્રવ્ય છે, શક્તિથી ભરપૂર તત્ત્વ છે તે—આવતો નથી. પર્યાય તો એક સમયનો અંશ છે; ત્રિકાળી ધ્રુવ તત્ત્વ નથી. પર્યાય પણ ધ્રુવ વસ્તુના આધારે થાય છે. એવા વસ્તુસ્વરૂપનો—પૂર્ણસ્વભાવનો અંદરમાં ભરોસો લાવીને અંતરમાં જાય અને આત્માનો જે નિર્મળ અતીન્દ્રિય અનુભવ થાય તેને સમ્યગ્દર્શન ને સત્-દર્શન કહે છે.

એ સમ્યગ્દર્શન થતાં જ્ઞાન ને વૈરાગ્યની એવી શક્તિ પ્રગટી છે કે ગમે તે પ્રસંગમાં તેને વિભાવનો લેપ લાગતો નથી. જ્ઞાન એટલે પોતાના પૂર્ણસ્વરૂપનું જ્ઞાન,

**જીવથી જુદા પુદ્‌ગલમયી આ દેહને સ્તવીને મુનિ**
**માને પ્રભુ કેવળી તણું વંદન થયું, સ્તવના થઈ. ૨૮. –શ્રી સમયસાર**

અને વૈરાગ્ય એટલે પર તરફના રાગનો અભાવ. પૂર્ણ તત્ત્વનું જ્ઞાન અને પ્રતીતિ તે અસ્તિથી, અને પર તરફના વિકલ્પથી માંડીને શરીર આદિ બધી ચીજો—એના રાગનો જેમાં અભાવ છે તેનું નામ વૈરાગ્ય એ નાસ્તિથી કથન છે.

સમયસારના નિર્જરા અધિકારમાં આવે છે : 'સમ્યગ્દષ્ટિને નિયમથી જ્ઞાન અને વૈરાગ્યની શક્તિ હોય છે.' જ્ઞાયક નિજ વસ્તુના સ્વરૂપની સન્મુખ થઈને તથા નિમિત્ત, રાગ ને પર્યાયથી પણ વિમુખ થઈને પૂર્ણ સ્વભાવની જેને અંદર પ્રતીતિ થઈ છે એવા સમ્યગ્દષ્ટિને જ્ઞાન અને વૈરાગ્યની બે શક્તિ હોય છે. અંદર એવી શક્તિ પ્રગટી છે કે ગૃહસ્થાશ્રમમાં હોય, મુનિપણું ન હોય, બહારનાં બધાં જ કાર્યોમાં ઊભા હોય, છતાં લેપ લાગતો નથી. બધાં કાર્ય એટલે સમ્યગ્દષ્ટિને યોગ્ય હોય તે. એવો રાગ જ્ઞાનીને આવે ખરો, પણ તે રાગધારાને પોતામાં ખતવતો નથી. સમ્યગ્દષ્ટિ ચક્રવર્તી હોય, ૯૬ હજાર સ્ત્રીઓ હોય, છતાં તે રાગનું નાસ્તિપણું અને સહજ જ્ઞાતાસ્વભાવનું અસ્તિપણું તે હું છું—એવી દશામાં, રાગની સાથે એકતાબુદ્ધિ થતી નથી; તેથી રાગથી નિર્લેપ રહે છે. અહા! સિદ્ધાંતો આવા છે! જ્ઞાની પોતાને ઉચિત બધાં કાર્યોમાં ઊભા હોવા છતાં લેપ લાગતો નથી; કેમ કે પોતાના પૂરણ સ્વભાવની પ્રતીતિ તેમ જ જ્ઞાન વર્તે છે અને પરના–રાગના અભાવસ્વભાવરૂપે વૈરાગ્ય વર્તે છે. તેથી જ્ઞાનીને અંદર કંઈ લેપ લાગતો નથી, નિર્લેપ રહે છે. 'લેપ લાગતો નથી' એમ પહેલાં નાસ્તિથી વાત કરીને પછી, રાગ થવા છતાં રાગમાં એકત્વબુદ્ધિ કરતો નથી એટલે કે 'નિર્લેપ રહે છે' એમ અસ્તિથી વાત કરી. રાગ થાય છે એટલો તો લેપ છે, પણ 'એ રાગ મારો છે' એમ અભિપ્રાયમાં એકત્વ કરતો નથી; માટે તે નિર્લેપ રહે છે. શ્રી ઋષભદેવ ભગવાન ૮૩ લાખ પૂર્વ સુધી ગૃહસ્થાશ્રમમાં હતા, સમકિત તથા ત્રણ જ્ઞાન હતાં. ગૃહસ્થાશ્રમમાં હતા એ તો સમજાવવા માટે કહ્યું; ખરેખર સમ્યગ્દષ્ટિ ગૃહસ્થાશ્રમની પર્યાયમાં પણ નથી. એ તો પૂરણ સ્વભાવનું જ્ઞાન અને વિકલ્પથી માંડીને પર પદાર્થના રાગના અભાવરૂપ જે વૈરાગ્ય, તેના અસ્તિત્વમાં છે. અહા! આવી શરતો છે.

**'જ્ઞાનધારા ને ઉદયધારા બે જુદી પરિણમે છે;'...**

—એમ શાસ્ત્રમાં આવે છે. રાગ છે તો ખરો, પણ રાગની ધારા જ્ઞાનમાં પરજ્ઞેય તરીકે જાણવામાં રહે છે. જ્ઞાનધારા એટલે વસ્તુના સ્વરૂપનું જે જ્ઞાન થયું તે. અહા!

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૩ ઉપર)

**પણ નિશ્ચયે નથી યોગ્ય એ, નહિ દેહગુણ કેવળી તણા;**
**જે કેવળીગુણને સ્તવે પરમાર્થ કેવળી તે સ્તવે. ૨૯. –શ્રી સમયસાર**

# સમ્યગ્દર્શન-પર્યાય

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા તે મોક્ષમાર્ગ છે. એમાં સમ્યગ્દર્શન પણ મોક્ષમાર્ગરૂપ છે. મોક્ષમાર્ગ તે પર્યાય છે, પણ ગુણ નથી. ગુણનો કદી નાશ ન થાય, તેમજ તેની કદી ઉત્પત્તિ ન થાય. મોક્ષમાર્ગ તે પર્યાય હોવાથી ઉત્પન્ન થાય છે.

ગુણની વ્યાખ્યા તો એમ છે કે 'જે દ્રવ્યના પૂરા ભાગમાં અને તેની સર્વે હાલતોમાં વ્યાપે તે ગુણ છે'. હવે જો સમ્યગ્દર્શન તે ગુણ હોય તો આત્માની બધી હાલતોમાં તે રહેવું જોઈએ. પરંતુ એ તો સ્પષ્ટ છે કે આત્માની મિથ્યાત્વદશામાં સમ્યગ્દર્શન રહેતું નથી. તેથી તે ગુણ નથી પણ પર્યાય છે. પર્યાયનું લક્ષણ ઉત્પાદ-વ્યય છે, ગુણનું લક્ષણ ધ્રુવતા છે.

પ્રશ્ન :—સમ્યગ્દર્શનને પર્યાય માનવાથી તેનું માહાત્મ્ય ઊડી જશે, કેમ કે પર્યાય તો ક્ષણિક હોય છે, અને પર્યાયદૃષ્ટિને તો શાસ્ત્રમાં મિથ્યાત્વ કહ્યું છે?

ઉત્તર :—સમ્યગ્દર્શનને પર્યાય માનવાથી કાંઈ તેનું માહાત્મ્ય ઊડી જતું નથી. કેવળજ્ઞાન પણ પર્યાય છે અને સિદ્ધપણું એ પણ પર્યાય છે. પર્યાયને પર્યાય તરીકે જેમ છે તેમ જાણવાથી જ તેનું સાચું માહાત્મ્ય આવે છે. ભલે સમ્યગ્દર્શન—પર્યાય ક્ષણિક છે પણ તે સમ્યગ્દર્શનનું કાર્ય શું છે? સમ્યગ્દર્શનનું કાર્ય આખા ત્રિકાળી દ્રવ્યને સ્વીકારવાનું છે અર્થાત્ સમ્યગ્દર્શન તે ત્રિકાળી દ્રવ્યની પ્રતીત કરે છે, અને તે પર્યાય ત્રિકાળી દ્રવ્ય સાથે એકાકાર થાય છે, તેથી તેનું અપાર માહાત્મ્ય છે. આ રીતે સમ્યગ્દર્શન પર્યાય માનવાથી તેનું માહાત્મ્ય ઊડી જતું નથી. કોઈ વસ્તુના કાળ ઉપરથી તેનું માહાત્મ્ય નથી પણ તેના ભાવ ઉપરથી માહાત્મ્ય છે.

વળી, પર્યાયદૃષ્ટિને શાસ્ત્રમાં મિથ્યાત્વ કહ્યું છે એ વાત સાચી જ છે; પરંતુ 'પર્યાયદૃષ્ટિ' એટલે શું તે સમજવું પડશે. સમ્યગ્દર્શન તે પર્યાય છે અને પર્યાયનું પર્યાય તરીકે જ્ઞાન કરવું એનું નામ કાંઈ પર્યાયદૃષ્ટિ નથી. દ્રવ્યને દ્રવ્ય તરીકે અને પર્યાયને પર્યાય તરીકે જાણવું તે તો સમ્યગ્જ્ઞાનનું કામ છે. પરંતુ પર્યાયને જ દ્રવ્ય માની લ્યે અર્થાત્ એક પર્યાય જેટલું જ આખા દ્રવ્યને માની લ્યે તો તે પર્યાયના જ લક્ષે અટકી જાય પણ પર્યાયના લક્ષથી ખસીને દ્રવ્યનું લક્ષ કરી શકે નહિ, એનું જ નામ પર્યાયદૃષ્ટિ છે.

**વર્ણન કર્યે નગરી તણું નહિ થાય વર્ણન ભૂપનું,**
**કીધે શરીરગુણની સ્તુતિ નહિ સ્તવન કેવળીગુણનું. ૩૦. —શ્રી સમયસાર**

અને એવો પર્યાયદૃષ્ટિ તે મિથ્યાદૃષ્ટિ છે. સમ્યગ્દર્શનને પર્યાય તરીકે જાણવું અને શ્રદ્ધાગુણ તો આત્મા સાથે ત્રિકાળ છે. એમ દ્રવ્ય-ગુણને ત્રિકાળરૂપ જાણીને તેની પ્રતીત કરવી એનું જ નામ દ્રવ્યદૃષ્ટિ છે અને એ જ સમ્યગ્દર્શન છે.

વળી, જે જીવ સમ્યગ્દર્શનને ગુણ માને તે જીવ સમ્યગ્દર્શન પ્રગટાવવાનો પુરુષાર્થ શા માટે કરે ? કેમ કે ગુણ તો ત્રિકાળ છે, તે કાંઈ નવો પ્રગટ કરવો પડતો નથી. તેથી તે જીવ સમ્યગ્દર્શન પ્રગટાવવાનો પુરુષાર્થ કરે નહિ, એટલે તેને સમ્યગ્દર્શન કદી પ્રગટે નહિ અને મિથ્યાત્વ કદી ટળે નહિ; પણ જો સમ્યગ્દર્શનને પર્યાય તરીકે જાણે તો તે પર્યાય નવી પ્રગટ કરવાનો પુરુષાર્થ કરે. જે પર્યાય હોય તે ત્રિકાળી ગુણના આશ્રયે હોય અને ગુણ દ્રવ્ય સાથે એકરૂપ હોય. એટલે સમ્યગ્દર્શન-પર્યાય શ્રદ્ધાગુણમાંથી પ્રગટે છે અને શ્રદ્ધાગુણ આત્મા સાથે ત્રિકાળ છે, એમ ત્રિકાળી દ્રવ્યના લક્ષે સમ્યગ્દર્શનનો પુરુષાર્થ પ્રગટે છે.

શાસ્ત્રમાં પાંચ ભાવોનું વર્ણન કરતાં ઔપશમિક, ક્ષાયિક અને ક્ષાયોપશમિક ભાવના ભેદમાં સમ્યગ્દર્શનને ગણાવ્યું છે. એ ઔપશમિકાદિ ત્રણે ભાવો તો પર્યાયરૂપ છે, તો પછી સમ્યગ્દર્શન તે પણ પર્યાયરૂપ જ છે. જો સમ્યગ્દર્શન ગુણ હોય તો ગુણને ઔપશમિક વગેરે અપેક્ષા લાગી શકે નહિ.

કોઈ વાર અભેદનયે સમ્યગ્દર્શનને જ આત્મા કહેવામાં આવે છે; ત્યાં દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદનું લક્ષ છોડાવીને અભેદ વસ્તુનું લક્ષ કરાવવાનું પ્રયોજન છે. અભેદદૃષ્ટિમાં દ્રવ્ય-ગુણ-પર્યાય એવા ભેદ નથી, પરંતુ જ્યારે પર્યાયાર્થિકનયે દ્રવ્ય-ગુણ-પર્યાયનું જુદું જુદું સ્વરૂપ વિચારવું હોય ત્યારે તો જે દ્રવ્ય છે તે ગુણ નથી, જે ગુણ છે તે પર્યાય નથી, કેમ કે ત્રણેનું લક્ષણ ભિન્ન--ભિન્ન છે, એમ સમજવું જોઈએ. દ્રવ્ય-ગુણ-પર્યાયના સ્વરૂપને જેમ છે તેમ જાણ્યા પછી તેના ભેદનો વિકલ્પ તોડીને અભેદ આત્મસ્વભાવમાં ઢળતાં એકલી અભેદ વસ્તુ અનુભવમાં આવે છે. આવો અનુભવ કરાવવા દ્રવ્ય-ગુણ--પર્યાયને અભેદ વર્ણવ્યા છે. પરંતુ તેથી એમ ન સમજવું કે સમ્યગ્દર્શન તે ત્રિકાળી ગુણ છે, પરંતુ સમ્યગ્દર્શન તો પર્યાય જ છે, એમ સમજવું.

વળી, સમ્યગ્દર્શન કેટલીક વાર 'ગુણ' કહેવામાં આવે છે. વાસ્તવિકપણે તો તે શ્રદ્ધાગુણની નિર્મળ પર્યાય છે; પણ જેમ ગુણ ત્રિકાળ નિર્મળ છે તેમ તેની વર્તમાનપર્યાય

**જીતી ઇંદ્રિયો જ્ઞાનસ્વભાવે અધિક જાણે આત્મને,**
**નિશ્ચય વિષે સ્થિત સાધુઓ ભાખે જિતેન્દ્રિય તેહને. ૩૧. –શ્રી સમયસાર**

પણ નિર્મળ થઈ ગઈ હોવાથી—અર્થાત્ નિર્મળ પર્યાય ગુણ સાથે અભેદ થતી હોવાથી અભેદનયે તે પર્યાયને પણ ગુણ કહેવામાં આવે છે.

સમ્યક્ત્વ (અર્થાત્ શ્રદ્ધા) ગુણની બે પ્રકારની પર્યાયો છે—એક સમ્યગ્દર્શન, બીજી મિથ્યાદર્શન. જીવોને અનાદિથી સમ્યક્ત્વગુણની પર્યાય મિથ્યાત્વરૂપ હોય છે. પોતાના પુરુષાર્થ વડે ભવ્ય જીવો તે મિથ્યાત્વપર્યાય ટાળીને સમ્યક્ત્વપર્યાય કરે છે. સમ્યગ્દર્શનપર્યાય પ્રગટ થતાં, ગુણ-પર્યાયની અભેદવિવક્ષાથી 'સમ્યક્ત્વગુણ પ્રગટ્યો' એમ પણ કહેવાય છે. જેવા શુદ્ધ ત્રિકાળી ગુણો છે તેવી જ શુદ્ધ પર્યાયો સિદ્ધદશામાં પ્રગટ હોય છે, એથી સિદ્ધભગવાનને સમ્યક્ત્વ વગેરે આઠ ગુણો હોય છે—એમ કહેવાય છે; ખરેખર તે સમ્યક્ત્વાદિ આઠ ગુણો નથી પ્રગટ્યા પણ તેની નિર્મળ પર્યાયો પ્રગટી છે—એમ સમજવું. ગુણ ત્રિકાળી શક્તિરૂપ હોય છે અને પર્યાય તે-તે સમયે વ્યક્તિરૂપ હોય છે. ગુણ કાર્યરૂપ નથી પણ પર્યાય કાર્યરૂપ છે. શ્રદ્ધાગુણની ક્ષાયિક પર્યાય (—ક્ષાયિકસમ્યગ્દર્શન) પ્રગટે ત્યારથી તે અનંતકાળ સુધી એવી જ રહે છે તો પણ સમયે-સમયે નવી પર્યાયનો ઉત્પાદ અને જૂની પર્યાયનો વ્યય તો થયા જ કરે છે. એ પ્રમાણે સમ્યગ્દર્શન તે શ્રદ્ધા-ગુણની નિર્મળપર્યાય છે, અને તે ભવભ્રમણના છેદનો મુખ્ય ઉપાય હોવાથી મુમુક્ષુનું પ્રથમ કર્તવ્ય છે.

---

(અનુસંધાન પેજ નં. ૫ થી ચાલુ)

ત્રિકાળી સ્વભાવનું માહાત્મ્ય દર્શાવવા માટે તે ઉપશમથી પણ અગમ્ય છે એમ કહ્યું છે.

અવસ્થામાંથી અવસ્થા નથી આવતી, પણ વસ્તુમાંથી આવે છે. અખંડ વસ્તુ ખંડના (પર્યાયના) આશ્રયે લક્ષમાં આવતી નથી; ઉપશમ વગેરે ખંડરૂપ છે, એક સમય પૂરતી પર્યાય છે તેના ઉપર લક્ષ જતાં આખું દ્રવ્ય ખ્યાલમાં આવતું નથી, માટે ઉપશમ-ક્ષયોપશમ વગેરેથી અગોચર છે, એમ કહ્યું છે.　　　　(ક્રમશઃ) ❊

---

(અનુસંધાન પેજ નં. ૧૧ થી ચાલુ)

કે, સ્થાનકવાસી લોકો મૂર્તિને ન માને ને આપણે દિગંબર જૈન એટલે મૂર્તિને માનીએ,—તો એવા રૂઢિગત ભાવથી દર્શન કરે, તેમાં ખરો લાભ થાય નહિ, સર્વજ્ઞદેવની ઓળખાણ સહિત કરે તો જ ખરો લાભ થાય. (આ વાત "સત્તાસ્વરૂપ"માં ઘણા વિસ્તારથી સમજાવી છે.)　　　　(ક્રમશઃ) ❊

**જીતી મોહ જ્ઞાનસ્વભાવથી જે અધિક જાણે આત્મને,**
**પરમાર્થના વિજ્ઞાયકો તે સાધુ જિતમોહી કહે. ૩૨.　　—શ્રી સમયસાર**

# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

પ્રશ્ન :—રાગ તે પુદ્‌ગલ પરિણામ....પુદ્‌ગલ પરિણામ એમ કરીને રાગનો ડર રહે નહિ તો?

ઉત્તર :—એમ હોય નહિ, રાગની રુચિ હોય નહિ, રાગની રુચિ છોડવા માટે રાગ તે પુદ્‌ગલના પરિણામ છે તેમ જાણે. શાસ્ત્રમાં સ્વચ્છંદતા કરવા કોઈ વાત કરી નથી, વીતરાગતા કરવા કહ્યું છે.

પ્રશ્ન :—ભગવાનની ભક્તિ આદિનો શુભરાગ જ્ઞાનીને થાય છે તે રાગમાં પુદ્‌ગલ વ્યાપે છે તેમ કહ્યું છે તે બેસતું નથી!

ઉત્તર :—રાગ છે તો જીવના પરિણામ પણ પરના લક્ષે થાય છે, જીવનો સ્વભાવ નથી, ઉપાધિભાવ હોવાથી કાઢી નાખવા માટે તેને પુદ્‌ગલકર્મનો કહ્યો છે.

પ્રશ્ન :—રાગ આત્માનો નથી તો શું રાગ જડમાં થાય છે?

ઉત્તર :—રાગ તે જીવનું સ્વાભાવિક પરિણામ ન હોવાથી શુભાશુભ રાગને જડ અને અચેતન કહ્યો છે. રાગ તે આત્માનુ સ્વરૂપ જ નથી. ચૈતન્યપુંજ રાગરૂપે થયો જ નથી. આત્માના ભાન વિના અનંતવાર નવમી ગ્રૈવેયક ગયો પણ સમ્યગ્દર્શન વિના લેશ પણ સુખ પામ્યો નથી. અલિંગગ્રહણના બોલમાં પણ યતિની ક્રિયા–પંચ મહાવ્રત આદિનો આત્મામાં અભાવ કહ્યો છે. સમયસાર ગાથા ૧૮૧ થી ૧૮૩માં પણ કહ્યું કે જાણનક્રિયારૂપ આત્મા અને ક્રોધાદિ ક્રિયારૂપ આસ્રવો અત્યંત ભિન્ન છે, તેના પ્રદેશો ભિન્ન હોવાથી બે વસ્તુની સત્તા જ જુદી છે તેમ કહ્યું છે. વાત એ છે કે આસ્રવ ઉપરથી દૃષ્ટિ ઉઠાવી લે અને દ્રવ્ય ઉપર દૃષ્ટિ દે. જ્યાં તારી વસ્તુ નથી, ત્યાંથી દૃષ્ટિને ઉઠાવી લે ને તારી વસ્તુ ઉપર દૃષ્ટિ મૂક તો તને સુખ અને શાંતિ થશે.

**જિતમોહ સાધુ તણો વળી ક્ષય મોહ જ્યારે થાય છે,**
**નિશ્ચયવિદો થકી તેહને ક્ષીણમોહ નામ કથાય છે. ૩૩. –શ્રી સમયસાર**



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

પ્રશ્ન :—આત્મપ્રાપ્તિ કરવામાં ધીરજ ન ખૂટે અને તીવ્ર લગની થાય તેના માટે કેવા પ્રકારનો પ્રયાસ કરવો જોઈએ ?

પૂજ્ય બહેનશ્રી :—આ એક જ પ્રયાસ કરવાનો છે. અનાદિકાળથી અભ્યાસ બધો બહારનો છે તેથી અંદરમાં ઊતરવા માટેનો પ્રયાસ કરવાનો છે. આત્માને ઓળખવાનો જ પ્રયાસ કરવાનો છે. તે વિચારમાં ઝાઝો ટકી ન શકે તો શાસ્ત્ર-સ્વાધ્યાય કરે, તેમાં ન ટકી શકે તો શ્રવણ કરે. આમ શુભભાવના પ્રકારને બદલ્યા કરે, પણ જ્યાં સુધી ન થાય ત્યાં સુધી શુભમાં રહે, છતાં ભાવના તો શુદ્ધની રાખે. કરવાનું તો આ જ છે. ધ્યાન કરે તો તેમાં શાંતિ લાગે, પણ અંતરની શાંતિ તો જુદી જ છે.

વિકલ્પની જાળથી છૂટીને અંતરમાંથી જે આત્મા પ્રગટ થાય છે તે આત્મા જાગૃત છે. અન્યમતિ કહે છે કે વિકલ્પ છૂટતાં આત્મા શૂન્ય થઈ જાય છે, પણ તેમ નથી. વિકલ્પ તૂટતાં વિશેષ જાગૃત થાય છે. આત્મામાં અનંતા ગુણો ભર્યા છે. ચૈતન્ય તત્ત્વમાં અનંતતા ભરેલી છે. તે આનંદાદિ અનંત ગુણોનું વેદન તેને સ્વાનુભવમાં થાય છે. હું વિકલ્પ છોડું, વિકલ્પ છોડું એમ કર્યા કરે તો વિકલ્પ છૂટતા નથી. પોતાની અંતરની યોગ્યતા પ્રગટ થાય તો વિકલ્પ છૂટી જાય છે. વિકલ્પથી અતિક્રાન્ત થઈ સ્વાનુભૂતિની દશા પ્રાપ્ત થાય છે ત્યારે જ ખરી શાંતિ થાય છે.

જ્યાં સુધી ખરી શાંતિ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી ભેદજ્ઞાનનો અભ્યાસ કરવો કે આ જે વિકલ્પ આવે છે તેનાથી હું જુદો છું. ક્ષણે ક્ષણે આ જ અભ્યાસ કર્યા કરે કે આ જે શુભાશુભ ભાવો આવે છે તેનો જાણનાર હું જુદો છું. પ્રયાસની શરૂઆત ભેદજ્ઞાનના અભ્યાસથી થાય છે. ગમે તે વિકલ્પ આવે, શુભભાવ આવે કે અશુભભાવ આવે, તે મારું સ્વરુપ નથી. જેવા સિદ્ધ ભગવાન છે એવો જ હું છું. હું તો શુદ્ધ, નિર્મળ એકરૂપ તત્ત્વ છું.

**સૌ ભાવને પર જાણીને પચખાણ ભાવોનું કરે,**
**તેથી નિયમથી જાણવું કે જ્ઞાન પ્રત્યાખ્યાન છે. ૩૪. –શ્રી સમયસાર**

જેમ સ્ફટિક નિર્મળ છે તેમ હું નિર્મળ છું. સ્ફટિકમાં જેમ ઉપર લાલ-પીળાં પ્રતિબિંબ પડે છે તે સ્ફટિકનો મૂળ સ્વભાવ નથી, તેમ હું નિર્મળ છું. મારા મૂળ સ્વભાવમાં આ વિભાવો પ્રવેશ પામ્યા નથી. હું તો શુદ્ધ જ છું, નિરાળો છું. આવા નિરાળાપણાનો—ભેદજ્ઞાનનો—અભ્યાસ કરવો. આ પ્રથમ ઉપાય છે.

હું જાણનાર છું, જ્ઞાયક છું, આ શરીર મારું નથી, જડ છે. આ મન પણ મારું નથી. આ વિકલ્પ તે મારો સ્વભાવ નથી. ભલે તે થાય છે મારી પર્યાયમાં – તે કાંઈ જડમાં થતો નથી કે જડ કરાવતું નથી, મારા પુરુષાર્થની નબળાઈથી થાય છે. તો પણ મારો સ્વભાવ નથી. હું તો જુદો જ્ઞાયક છું. એવો જ અભ્યાસ કર્યા કરે તે પહેલો ઉપાય છે. જેને હજી આ અભ્યાસ પણ નથી તેને તો સ્વાનુભૂતિ થવી મુશ્કેલ પડે છે.

આ અભ્યાસ એકાંતમાં બેસીને કરે તો જ થાય એમ નથી. આ અભ્યાસ તો ગમે ત્યારે થઈ શકે એમ છે. અને તે ક્ષણે ક્ષણે કર્યા જ કરવાનો છે; છતાં એમ ન થાય તો ધીરે ધીરે કરે; પણ એ રીતે ભેદજ્ઞાનનો અભ્યાસ કર્યા કરવાનો છે.

જેમ પાણી સ્વભાવથી શીતળ છે, તે અગ્નિના નિમિત્તે ગરમ થાય છે તો પણ તેનો સ્વભાવ તો શીતળ જ છે. તેમ હું તો સ્વભાવે શીતળ છું. કર્મના સંયોગમાં મારી પોતાની નબળાઈથી જોડાણ થાય છે, પણ તે મારો સ્વભાવ નથી.

આવો ભેદજ્ઞાનનો અભ્યાસ કરતાં જ્ઞાયકમાં એકાગ્રતા થાય તો આત્માની સ્વાનુભૂતિ થવાનો પ્રસંગ બને છે.

---

(અનુસંધાન પેજ નં. ૧૭ થી ચાલુ)

પર્યાયમાં તે જ્ઞાનધારા જ્ઞાનીને કાયમ વર્તે છે. જેમ અંદર ત્રિકાળી ધ્રુવધારા વર્તે છે, એમ ધ્રુવ સ્વભાવનું જે જ્ઞાન થયું, અનુભવ થયો એ જ્ઞાનધારા પણ હવે કાયમ વર્તે જ છે. જ્ઞાતૃત્વધારા અને શુભાશુભ વિકલ્પધારા—ઉદયધારા બે જુદી જ પરિણમે છે.

**'અલ્પ અસ્થિરતા છે તે પોતાના પુરુષાર્થની નબળાઈથી થાય છે, તેના પણ જ્ઞાતા રહે છે.'**

રાગ કર્મથી થાય છે એ વાત જ નથી. પરદ્રવ્યને અને સ્વદ્રવ્યને શો સંબંધ છે? નિમિત્તનૈમિત્તિક-સંબંધ એટલે પૃથકપણું. કર્મથી આત્મામાં થાય અને આત્માથી કર્મમાં થાય—એવું ક્યાંય છે જ નહિ. દરેક દ્રવ્ય પોતાની પર્યાયમાં વર્તે છે. કર્મ એની ઉદય-પર્યાયમાં વર્તે છે અને અલ્પ અસ્થિરતા તે પોતાના પુરુષાર્થની નબળાઈથી થાય છે. જ્ઞાની તેનો પણ જ્ઞાતા રહે છે, જાણનાર રહે છે. રાગ મારો છે એમ માનનાર રહેતો નથી. અહા! સમ્યગ્દર્શન ને જ્ઞાનનું આવું સ્વરૂપ છે. (ક્રમશઃ) ❊

# વૃદ્ધાવસ્થામાં વૈરાગ્યની વૃદ્ધિ

ઘડપણમાં શરીર કામ કરતું ન હોય, પ્રતિકૂળતા હોય, સેવા કરનાર કોઈ ન હોય...તોપણ બાપુ ! તમે ગભરાશો મા ! મારું કોઈ નથી એમ હતાશ થશો મા ! તમારા જીવનમાં ઉત્તમ સંસ્કારોની મૂડી તમારી પાસે જ છે. અંતિમ જીવનમાં તમારી ઉત્તમ ભાવનાઓ જ તમને શાંતિ આપનાર છે. માટે તેના ઉપર જ જોર આપો.

શરીરનું મમત્વ તો છોડવાનું છે. મમત્વ રાખવા જેવું શરીરમાં છે ય શું ? તો એવા શરીરની સેવા કરનાર કોઈ હો...ન હો, તેની શી ચિંતા ! આત્માની ચિંતા કરો કે જેથી તેનું ભવિષ્ય ઉત્તમ બને.

જુવાનીમાં પણ જે ન થઈ શક્યું તે શૂરવીર થઈને અત્યારે કરી લ્યો. શૂરવીર આત્માની શૂરવીરતાને વૃદ્ધાવસ્થા કાંઈ ઢીલી કરી શકતી નથી.

હૃદયમાં જિનભક્તિ કરો...પંચપરમેષ્ઠીને યાદ કરો...મુનિપદની ભાવના કરો...શરીરની ક્ષણભંગુરતા અને આત્માની નિત્યતા વિચારીને વૈરાગ્યની ઉત્તમ ભાવનાઓ કરો...બસ, તમને કાંઈ દુઃખ નહિ રહે. અંદરમાં જિનભાવના છે તો બહારની પ્રતિકૂળતા શું કરી શકવાની છે ? માટે ખેદ છોડો....ને પ્રસન્નચિત્તે આત્માને સાધો.

હે મુમુક્ષુ ! જીવનમાં મહાવીર-શાસનને પામીને હવે તમે ખેદખિન્ન જીવન જીવશો નહિ, આનંદમય જીવન જીવજો. તમારા જીવનને આનંદમય બનાવવા જ સંતોનો ઉપદેશ જીવનમાં ઘણીવાર સાંભળ્યો છે....ઘણું વાંચ્યું છે ને ઘણું વિચાર્યું છે. અહા, આવા આનંદ સાધવાના અવસરમાં ખેદ શો ! મુમુક્ષુને તો નિજાનંદની પ્રાપ્તિના અવસરમાં પરમ ઉત્સાહ હોય.

અરે મુમુક્ષુ ! ભલે વૃદ્ધ થયા ...તોપણ તમે મુમુક્ષુ છો....શરીર ઢીલું થયું તેથી મુમુક્ષુપણાના ઉત્સાહને ઢીલો ન કરશો. યુવાની મટીને વૃદ્ધતા આવી તેથી કાંઈ તમે 'મુમુક્ષુ' મટી નથી ગયા. મોક્ષની જ જેને અભિલાષા છે એવા મુમુક્ષુને વળી ખેદ શેનો ? જગતમાં એવું તે શું દુઃખ છે કે તમારે ખેદ કરવો પડે ? તમારે તો અત્યારે આત્માને સાધવાનો મહા આનંદપ્રસંગ છે....તો પ્રસન્નચિત્તે આત્માને સાધવામાં લાગી જાઓ. ખેદ છોડો ! યાદ તો કરો, જીવનમાં તમને કેવા સરસ દેવ-ગુરુ મળ્યા છે ! કેવો સરસ માર્ગ મળ્યો છે ! અંદર કેવો સુંદર આત્મા બિરાજી રહ્યો છે ! જગતમાં આવો સરસ યોગ મળ્યો, પછી હવે ખેદ કરવાનું ક્યાં રહે છે ? ખેદની ટેવ છોડો....ને મહાન ઉલ્લાસથી, શાંતભાવે તમારા આનંદધામમાં જુઓ.

તમારું જીવન અપૂર્વ ચેતનવંતુ બની જશે.　　　　　　　　❋

## બાળ વિભાગ

## બે ભાઈનો પ્રેમ

બે ભાઈ....બંનેને એકબીજા ઉપર પ્રેમ. મોટો ભાઈ વિશાળ પરિવાર સહિત હતો, નાનોભાઈ એકલો, કુંવારો, ઉપાધિ વગરનો હતો.

બંને ભાઈના ખેતર બાજુ-બાજુમાં હતાં. બંનેએ પાકના ઢગલા કરીને મૂક્યા હતા. સાંજે ઘરે જવાનું ટાણું થયું. મોટાભાઈએ કહ્યું–ભાઈ આ પાકના ઢગલા પડ્યા છે, હું ઘેર જઈ આવું ત્યાં સુધી તું અહીં રહીને ધ્યાન રાખજે.

એમ કહીને મોટોભાઈ તો ઘેર ગયો.

આ બાજુ ખેતરમાં રહેલા નાનાભાઈને, બંને ઢગલા દેખીને વિચાર આવ્યો કે મોટાભાઈને તો ઘણો પરિવાર છે ને હું તો એકલો છું...આટલા બધા પાકને મારે શું કરવો છે ? મોટાભાઈ આમ તો મારું કાંઈ લેશે નહીં, માટે લાવ, અત્યારે મોટાભાઈને ખબર ન પડે એ રીતે તેના ઢગલામાં થોડું અનાજ નાખી દઉં.–એમ વિચારી પોતાના ઢગલામાંથી સોએક મણ અનાજ મોટાભાઈના ઢગલામાં નાખી દીધું.

મોટોભાઈ ખેતરે આવ્યો એટલે નાનોભાઈ ઘેર ગયો. હવે ખેતરમાં રહેલા મોટાભાઈને તો કાંઈ ખબર નથી. તેના દિલમાં પણ એવો વિચાર આવ્યો કે મારો નાનોભાઈ ભોળો છે, એને હજી સંસારની માયાની ખબર નથી, ને કાંઈ મૂડી પણ ભેગી કરી નથી, હું કાંઈ આપીશ તો લેશે પણ નહીં, પણ હું તેનો મોટોભાઈ છું, મારે તેનું ધ્યાન રાખવું જોઈએ. એમ વિચારી તેણે પોતાના અનાજના ઢગલામાંથી સોએક મણ અનાજ નાનાભાઈના ઢગલામાં નાખી દીધું.

એકબીજાના હિત માટે કેવી ઊંચી ભાવના !

આ દૃષ્ટાંતમાં વસ્તુની કિંમત નથી, પણ બંને ભાઈઓના અરસપરસની ભાવનાની કિંમત છે અને આ દૃષ્ટાંતનો ઉદ્દેશ એ છે કે લૌકિક ભાઈ-ભાઈ એકબીજાનાં હિતનું આવું ધ્યાન રાખે છે, તો ધર્મના સંબંધથી જેઓ એકબીજાના સાધર્મી ભાઈ છે તેઓને તો પરસ્પર એકબીજાનાં હિત માટે કેવી ઊંચી ભાવના હોય ! પોતાની કોઈપણ વિભૂતિ પોતાના સાધર્મીના હિતોપયોગમાં આવે તેવા પ્રસંગે પ્રસન્નતા થાય છે.

અહા, સાધર્મી પ્રત્યે જ્યાં આવી ઉત્તમ ભાવના હોય ત્યાં એકબીજાનાં અનિષ્ટની કે નિંદાની કલ્પનાય ક્યાંથી હોય ?–એમાંય આપણે તો વીતરાગ-શાસનના સાધર્મીઓ ! ભગવાનના શાસનમાં ઉત્તમ ધર્મસંસ્કાર વડે એકબીજા પ્રત્યે વાત્સલ્યની ભાવનાથી આપણું જીવન જરૂર શોભી ઊઠશે. જય મહાવીર.

## બાળ વિભાગ

## પાણી અને પથ્થર

(પાણીનું ટીપું અને કાળમીંઢ પથ્થર વચ્ચે ચર્ચા)

નિર્ધારિત કાર્ય માટેની સતત લગની એ જ તેની સફળતાનું રહસ્ય છે—એમ બતાવતી એક બોધકથા 'જન્મભૂમિ પ્રવાસી'માં આવેલ, તે ઉપયોગી હોવાથી અહીં સાભાર લીધી છે. આ પ્રેરક બોધકથા જિજ્ઞાસુઓને આત્મસાધનામાં પણ લાગુ પડે છે.

એક નળમાંથી પાણીનાં ટીપાં હમેશાં નીચે જડેલા પથ્થર પર નિયમિત ટપક્યાં કરતાં હતાં. પાણીનાં ટીપાં પથ્થર પર પછડતાની સાથે જ વેરવિખેર થઈ જતાં, સૂર્યનો તાપ અને પવન તેને તરત જ સૂકવી નાંખતા.

એક દિવસ પથ્થરે પાણીનાં ટીપાંને પૂછ્યું 'અરે ઓ મૂર્ખ જલબિંદુ ! શા માટે તું રોજ ટપક્યા કરે છે? શા માટે નાહક તારી શક્તિને વેડફી દે છે ? તારા ટપકવાથી મને કશું નુકશાન થતું નથી પણ ઊલટાનું તું વેરવિખેર બનીને સૂકાઈ જાય છે—તારો જ નાશ થાય છે.'

પેલા ટીપાંએ નરમાશથી પથ્થરને કહ્યું— 'ભાઈ ! મેં નક્કી કર્યું છે કે મારે તારા અંગમાં એક છેદ પાડવો, એ મારા આ ધ્યેયને સિદ્ધ કરવા માટે હું નિયમિત ટપક્યા કરું છું'

નાનકડા અશક્ત જણાતા જલબિંદુની વાત સાંભળીને પેલો કાલમીંઢ પથ્થર અભિમાનપૂર્વક ખડખડાટ હસી પડ્યો અને ઉપહાસ કરતો બોલ્યો : 'અરે મૂર્ખ, તારામાં શક્તિ જ ક્યાં છે કે તું મારા કઠણ દેહમાં છેદ પાડી શકે ! મારા કઠણ દેહ સાથે અથડાઈને નાહક તું તારી શક્તિનો નાશ કરી રહ્યું છે. તારા જેવું નજીવું બિંદુ શું મારા વજસમા દેહમાં છેદ પાડી શકવાનું હતું ? તારું ભલું ઈચ્છતું હો તો આવી મૂર્ખતા કરવાનું છોડી દે.'

જલબિંદુ કહે : 'એ તો કેમ બને ? મેં જે કાર્ય હાથ પર લીધું છે તેને મુશ્કેલીઓના વિચારે છોડી દઉં તો હું કાયર ગણાઉં. મેં તો નક્કી જ કર્યું છે કે કાં તો કાર્ય સિદ્ધ કરવું, નહીં તો એ કાર્યસિદ્ધિ માટે મરી ફીટવું.'

પથરો બિંદુની વાત સાંભળીને અભિમાનપૂર્વક હસ્યો અને પછી તિરસ્કારપૂર્વક બોલ્યો : તો મર, મારે શું ?

જલબિંદુએ પથ્થરના તિરસ્કાર કે ઉપહાસને ન ગણકારતાં પોતાનું ટપકવાનું ચાલું જ રાખ્યું.

કેટલાક સમય પછી, પથ્થરના આશ્ચર્ય વચ્ચે એ જલબિંદુએ એ વજસમા દેહવાળા પત્થરની છાતી પર એક ખાડો પાડી દીધો. પથ્થરનું અભિમાન ગળી ગયું. તેણે જલબિંદુને તેના

કાર્યની સફળતાનું રહસ્ય પૂછ્યું. જલબિંદુ તરફથી પથ્થરને જવાબ મળ્યો તે આ હતો :

‘‘ભાઈ, આમાં આશ્ચર્ય પામવા જેવું કશું જ નથી. કોઈપણ ધ્યેયને સિદ્ધ કરવા માટે જરૂર છે—એકાગ્રતાની અને આત્મવિશ્વાસની. ભયને ગણકાર્યા વિના, અસફળતાઓની શંકાઓથી ડગ્યા વિના, જે કોઈ ધ્યેયસિદ્ધિને માટે એકાગ્રચિત્તે આત્મ—વિશ્વાસપૂર્વક કાર્ય કરતા રહે છે તે ગમે તેવાં કઠિન કાર્યને પણ પાર પાડી શકે છે.’’

તે દિવસે પથ્થરને સફળતાનું રહસ્ય જાણવા મળ્યું. એકાગ્રતા અને આત્મવિશ્વાસથી કઠિન કાર્ય પણ પાર પાડી શકાય છે—સફળતાની આ ચાવી પથ્થરના હૈયા પર કોતરાઈ ગઈ.

(પાણીના ટીપાંની સફળતાનું રહસ્ય બતાવતી આ બોધકથા દ્વારા જિજ્ઞાસુઓ આત્મવિશ્વાસ અને એકાગ્ર પરિણામથી પોતાની આત્મસાધનાના ધ્યેયમાં મક્કમપણે આગળ વધો...જરૂર સફળતા મળશે. ચૈતન્યરસના બિંદુઓના સતત અભ્યાસ વડે મોહનો કાળમીંઢ પથ્થર પણ ભેદાઈ જશે.)

---

✽ શરીરના એક એક તસુમાં ૯૬-૯૬ રોગ છે. એ શરીર ક્ષણમાં દગો દેશે, ક્ષણમાં છૂટી જશે. કાંઈક સગવડતા હોય ત્યાં ધુસી જાય છે. પણ ભાઈ ! તારે ક્યાંક જવું છે ત્યાં કોનો મહેમાન થઈશ ? કોણ તારું ઓળખીતું હશે ? એનો વિચાર કરીને તારું તો કાંઈક કરી લે ! શરીર સારું હોય ત્યાં સુધી આંખ ઉઘડે નહીં ને ક્ષણમાં દેહ છૂટતાં અજાણ્યાસ્થાને હાલ્યો જઈશ ! નાની નાની ઉંમરના પણ ચાલ્યા જાય છે માટે તારું કાંઈક કરી લે ! —પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

## ક્ષ....મા....પ....ના

**આત્મધર્મનું લેખન-સંપાદન પૂજ્ય ગુરુદેવશ્રીની કૃપાદૃષ્ટિમાં, માત્ર સ્વ-પરના આત્માર્થની પુષ્ટિ થાય એ એક જ ધ્યેયપૂર્વક કરવામાં આવે છે. હૃદયમાં દેવ-ગુરુ-ધર્મની ભક્તિપૂર્વક ને સાધર્મી પ્રેમપૂર્વક તેનું સંકલન કરવામાં આવે છે. તેમ છતાં કોઈ ભૂલચૂક થઈ હોય, કે કોઈની લાગણી મારાથી દુભાઈ હોય, તો અંતરના ભાવપૂર્વક દેવ-ગુરુ-ધર્મ, પ્રત્યક્ષ ઉપકારી સંતો તથા સાધર્મીજનો પ્રત્યે ક્ષમા માંગુ છું. —તંત્રી**

આ વર્ષે શ્રી સમ્મેદશિખરજીની યાત્રા હોવાના કારણે દીપાવલી બાલસંસ્કાર શિબિરનું આયોજન મુલતવી રાખવામાં આવેલ છે. જેની મુમુક્ષુઓએ નોંધ લેવી.

# શ્રી ઉપનગર દિગમ્બર જૈન મુમુક્ષુ મંડળ, મલાડ-મુંબઈ દ્વારા
# પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રીના
# ૧૦૩મા મંગલ જન્મોત્સવની ભવ્યાતિભવ્ય ઉજવણી સાનંદ સંપન્ન

[તા. ૧૬-૮-૨૦૧૬ મંગળવારથી ૨૦-૮-૨૦૧૬ શનિવાર]

આપણા પરમ તારણહાર પૂજ્ય ગુરુદેવશ્રી તેમ જ ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રીના અધ્યાત્મસાધનાતીર્થ સુવર્ણપુરીમાં શ્રી ઉપનગર દિગંબર જૈન મુમુક્ષુમંડળ, મલાડ-મુંબઈ દ્વારા આયોજિત પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રીનો ૧૦૩મો મહામંગલકારી જન્મોત્સવ અત્યંત ઉલ્લાસપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. મુમુક્ષુ ભાઈ-બહેનોનો આ ઉત્સવ ઉજવવાનો ઉત્સાહ એવો અનેરો હતો કે ઉત્સવની શરૂઆતથી જ મુમુક્ષુઓનું સુવર્ણપુરીમાં આગમન શરૂ થઈ ગયું હતું.

મહોત્સવના પ્રથમ દિવસે સુવર્ણપુરી સવારે પૂજ્ય ગુરુદેવશ્રીના માંગલિક અને 'તું પરમાત્મા છો'ની વાણીથી ગુંજી ઉઠી તથા ધર્મમાતા પૂજ્ય બહેનશ્રીની વિડિયો તત્ત્વચર્ચાથી મહોત્સવનો શુભારંભ થયો હતો.

## ✻ ઉત્સવનો દૈનિક કાર્યક્રમ ✻

**શ્રી તીન ચોવીસી મંડલ વિધાન** :—આ પૂજન વિધાન માટે સ્વાધ્યાયમંદિરની આગળના કમ્પાઉન્ડમાં તૈયાર કરાવવામાં આવેલ વિશાળ ડોમ મંડપમાં કૈલાસ પર્વતની રચના કરી તેમાં બાહુબલી ભગવાન તથા આદિનાથ ભગવાનના ચિત્રપટો મૂકવામાં આવ્યા હતા. તથા ભૂતકાળ, વર્તમાન તથા ભવિષ્યના ત્રણ ચોવીસીના તીર્થંકરોના બિંબ મૂકવામાં આવ્યા હતા તથા એલ.સી.ડી. સ્ક્રીનમાં પ્રસંગ અનુસાર ચિત્રો પણ દર્શાવવામાં આવતા હતા જે અત્યંત આકર્ષક હતા.

**પૂજ્ય ગુરુદેવશ્રીનાં કલ્યાણકારી પ્રવચનો** :—મહોત્સવના પાંચે દિવસ સવારે પૂજ્ય ગુરુદેવશ્રીના શ્રી સમયસાર તથા રાત્રીના પૂજ્ય બહેનશ્રીનાં વચનામૃત ઉપર નિજાત્મહિતકારી પ્રવચનો થયા હતા.

**ધાર્મિક શિક્ષણવર્ગો** :— ઉત્સવમાં શ્રી સુભાષભાઈ શેઠ (વાંકાનેર) તથા શ્રી રમેશભાઈ મહેતા (સોનગઢ) દ્વારા ઉત્તમ વર્ગમાં તથા મધ્યમવર્ગમાં શ્રી રાજેન્દ્રભાઈ કામદાર (રાજકોટ), નીતિનભાઈ શેઠ(વાંકાનેર) દ્વારા શિક્ષણ આપવામાં આવ્યું હતું.

**વિદ્વાનો દ્વારા શાસ્ત્ર વાંચન** :—બપોરે શ્રી પ્રકાશભાઈ જૈન (મલાડ), શ્રી નિરંજનભાઈ ડેલીવાળા(સુરત), શ્રી અતુલભાઈ કામદાર (હૈદ્રાબાદ), ડૉ. પ્રવીણભાઈ દોશી (રાજકોટ) દ્વારા પ્રવચનો થયાં હતાં.

**સાંજી ભકિત** :—બપોરના ૪.૦૦ થી ૪.૪૦ પરમાગમમંદિરમાં સાંજી ભક્તિનું આયોજન આયોજક મંડળના વિવિધ મુમુક્ષુઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

**સાંસ્કૃતિક કાર્યક્રમો** :—આ મહોત્સવમાં મલાડ મુમુક્ષુ મંડળના યુવાનો તથા બાળકો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીના જીવનપ્રસંગો રજૂ કરતા સાંસ્કૃતિક કાર્યક્રમ તથા ભક્તિ યોજવામાં આવ્યા હતા. ત્રીજા દિવસે તે ઉપરાંત અકલંક-નિકલંક નાટિકા તથા ચોથા દિવસે સુવર્ણપુરીનો ઇતિહાસ રજૂ કરતો ભક્તિસભર ડાયરો રજૂ કરવામાં આવ્યો હતો.

### ✻ ભવ્ય રથયાત્રા ✻

મહોત્સવના ચોથા દિવસે શ્રી ધાતકીખંડના ભાવિ તીર્થંકર ભગવાનની રથયાત્રાનું આયોજન થયું હતું. શ્રીજીના મંગળ રથ સાથે વિવિધ બગીઓ અને પારણાઝુલનના ફ્લોટ સાથેની આ રથયાત્રામાં આબાલ-વૃદ્ધ ભાઈઓ તથા બહેનો ભક્તિરસમાં તન્મય થઈને નૃત્ય કરતાં કરતાં ભાવવાહી ભજનો ગાતાં હતાં. આ રથયાત્રામાં શ્રીજીને રથમાં બિરાજમાન કરવાનો લાભ શ્રી જ્યોતિન્દ્ર છોટાલાલ ખંધાર પરિવાર, મુંબઈને તથા સારથી બનવાનો લાભ શ્રી સંજય નગીનદાસ અજમેરા પરિવાર, મલાડને મળ્યો હતો. તથા પૂજ્ય માતાજીના પારણાઝૂલનના ફ્લોટનો લાભ પ્રવીણાબેન કાંતિલાલ કામદાર પરિવાર, ચેન્નઈ હસ્તે ભરતભાઈ કામદારને મળ્યો હતો.

### ✻ જન્મ મહોત્સવ શ્રાવણ વદી–૨નો અભૂતપૂર્વ કાર્યક્રમ ✻

પરમોપકારી પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રીનાં મહામંગળકારી જન્મ દિવસે વહેલી સવારે દેવ-શાસ્ત્ર-ગુરુદર્શન તથા પૂજ્ય બહેનશ્રીની ચર્ચા રાખવામાં આવી હતી. પૂજ્ય બહેનશ્રી સ્ટેજ ઉપર સ્વયં પધારીને ચર્ચા કરતા હોય તેવું રોચક દૃશ્ય આયોજકો દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ શ્રી તીનચોવીસી મંડલ વિધાનનું સમાપન, પૂજ્ય ગુરુદેવશ્રીનું કલ્યાણકારી સીડી પ્રવચન, વિવિધ જાહેરાતો તથા પૂજ્ય બહેનશ્રીના વધામણાનો કાર્યક્રમ યોજાયો હતો. ત્યારબાદ પૂજ્ય બહેનશ્રીના વધામણાનો પ્રથમ લાભ શ્રી નગીનભાઈ અજમેરા પરિવાર, મલાડ, શ્રી શામજી ભાણજી છેડા પરિવાર, મલાડ તથા શ્રી ગિરધરલાલ ઠાકરશી મોદી પરિવાર, મલાડને પ્રાપ્ત થયો હતો.

ઉત્સવના દરેક કાર્યક્રમોમાં મુમુક્ષુભાઈ-બહેનો અત્યંત ઉલ્લાસથી ભાગ લેતા હતા. દરેક કાર્યક્રમોમાં મંદિર તેમજ મંડપ મુમુક્ષુઓથી પૂરાં ભરાઈ જતાં હતાં.

પ્રસ્તુત પૂજ્ય બહેનશ્રી જન્મોત્સવના પાંચે દિવસ મહેમાનો તથા સ્થાનિક મુમુક્ષુમંડળ માટે ભોજન (સ્વામિવાત્સલ્ય) આયોજક શ્રી ઉપનગર દિગમ્બર જૈન મુમુક્ષુ મંડળ, મલાડ-મુંબઈ તરફથી તથા કાયમી જમણ ૨૭ મહાનુભાવો તરફથી રાખવામાં આવ્યું હતું.

**મહોત્સવના વિશેષ કાર્યક્રમ :** આ ઉત્સવના પ્રથમ દિવસે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ચર્ચાની એક ઑડિયો ડીવીડી (પ્રશ્નોની પુસ્તિકા સાથે) જે બ્ર. કોકીલાબેન તથા રૂપાબેન ખારા, સોનગઢના સૌજન્યથી પ્રકાશિત કરવામાં આવેલ જેનું વિમોચન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના પ્રમુખ શ્રી હસમુખલાલ પોપટલાલ વોરા તથા બ્ર. વજુભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

તે જ દિવસે આયોજક શ્રી ઉપનગર દિગંબર જૈન મુમુક્ષુ મંડળ દ્વારા તૈયાર કરવામાં આવેલ ભક્તિગીતોની સીડીનું પણ વિમોચન કરવામાં આવ્યું હતું.

મહોત્સવ ઉજવવાનો આયોજક શ્રી ઉપનગર દિગમ્બર જૈન મંડળ, મલાડ-મુંબઈનો ઉત્સાહ ખૂબ જ પ્રશંસાપાત્ર હતો. આયોજકો દ્વારા મુમુક્ષુઓ માટે આવાસ તથા ભોજનની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. આ મહોત્સવનો સમગ્ર ખર્ચ આયોજક તરફથી આપવામાં આવ્યો હતો.

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૬-૦૦ થી ૬-૨૦ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૭-૪૫ થી - | : | શ્રી જિનેન્દ્ર-પૂજન |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | શ્રી સમયસાર ઉપર સોળમી વારનું પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD**-પ્રવચન |
| સવારે ૯-૪૫ થી ૧૦-૩૦ | : | ધાર્મિક શિક્ષણવર્ગ (શ્રી પંચાસ્તિકાયસંગ્રહ) |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | શ્રી સમયસાર કળશટીકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD**-પ્રવચન |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૪૫ થી ૮-૪૫ | : | અષ્ટપ્રાભૃત ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD**-પ્રવચન |

## વૈરાગ્ય સમાચાર :–

ભાવનગરનિવાસી શ્રી નવીનચંદ્ર પી. બંદા (ઉ.વ. ૭૪)નું દેહપરિવર્તન તા. ૧૨-૫-૨૦૧૬ના રોજ થયેલ છે.

લીમડીનિવાસી (હાલ અમદાવાદ) શ્રી વસંતભાઈ કાંતિલાલ ખંધાર (ઉ.વ. ૮૧)નું તા. ૦૭-૦૬-૨૦૧૬ના રોજ દેહપરિવર્તન થયેલ છે.

લાઠીનિવાસી (હાલ મુલુંડ) શ્રી મહાસુખલાલ અમરચંદ ડગલીના ધર્મપત્ની નિલમબેને તા. ૧૮-૦૬-૨૦૧૬ના રોજ દેહપરિવર્તન કરેલ છે.

સાવરકુંડલાનિવાસી (હાલ રાજકોટ) સ્વ. શ્રી કિરીટભાઈ નાનચંદ મહેતા (ઉ.વ. ૭૫) તા. ૦૨-૦૭-૨૦૧૬ના રોજ દેહપરિવર્તન કરેલ છે. તેઓ સોનગઢ રહી ઘણો લાભ લેતા હતા.

ભાવનગરનિવાસી (હાલ સોનગઢ) શ્રી પ્રવીણચંદ્ર હરગોવિંદદાસ શાહના ધર્મપત્ની અ.સૌ. હંસાબેન (ઉ.વ. ૭૯)નું દેહપરિવર્તન તા. ૧૨-૦૭-૨૦૧૬ના રોજ દેહપરિવર્તન થયેલ છે. તેઓ સ્થાયી સોનગઢ રહી લાભ લેતા હતા.

સુરેન્દ્રનગરનિવાસી (હાલ થાણા-મુંબઈ) શ્રીમતી જ્યોતિબેન કિશોરભાઈ શાહ (ઉ.વ. ૬૬) તા. ૧૫-૭-૨૦૧૬ના રોજ પરિવર્તન કરેલ છે.

વિંછીયાનિવાસી (હાલ મલાડ) સ્વ. ચુનીલાલ હરીચંદ શાહના સુપુત્ર નરેશભાઈ (ઉ.વ. ૬૯)નું તા. ૩૦-૦૭-૨૦૧૬ના રોજ દેહપરિવર્તન થયેલ છે.

સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

## (૩૯)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

**(નીચે આપેલ પ્રશ્નોના ઉત્તર જૈન સિદ્ધાંત પ્રશ્નોત્તરમાળા ભાગ-૧-૨ ના પ્રકરણ-૪ માંથી મળશે)**

(૧) ચારે અભાવ ............. લાગુ પડે છે.
(૨) સિદ્ધદશાનો સંસારદશામાં અભાવ તે ................ છે.
(૩) એક દ્રવ્યની વર્તમાન પર્યાયનો તેજ દ્રવ્યના આગામી (ભવિષ્યના) પર્યાયમાં અભાવ તેને............ કહે છે.
(૪) કુંભાર (જીવ) અને ઘડા વચ્ચે ................ અભાવ છે.
(૫) આત્મા પરનું કરી શકે તેમ માનનારે ............... અભાવને ન માન્યો.
(૬) પરસ્પર પુદ્ગલ દ્રવ્યના વર્તમાન પર્યાયમાં જ ............... અભાવ લાગુ પડે છે.
(૭) એક પદાર્થનું બીજા પદાર્થમાં નહીં હોવાપણું તેને ............. કહે છે.
(૮) અત્યંતાભાવ ................ દ્રવ્યોમાં લાગુ પડે છે.
(૯) જીવ પર દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને અનુકૂળ અથવા પ્રતિકૂળ માને તે ............... અભાવને ભૂલે છે.
(૧૦) તૈજસ શરીર અને કાર્માણ શરીર વચ્ચે .............. અભાવ હોય છે.
(૧૧) વર્તમાન પર્યાયનો પૂર્વ પર્યાયમાં અભાવ તેને .............. કહે છે.
(૧૨) દૂધ-દહીં અને છાશ વચ્ચે ............... અભાવ હોય છે.
(૧૩) એક જ દ્રવ્યની પર્યાયમાં લાગુ પડે તે (૧) ................ ભાવ અને (૨)................ ભાવ હોય છે.
(૧૪) શરીર અને વસ્ત્ર વચ્ચે ................. અભાવ હોય છે.
(૧૫) અભાવના ભેદ (૧) .................. (૨) ............... (૩) ................ (૪) ................ છે.
(૧૬) ચશ્મા અને જ્ઞાન વચ્ચે .................. અભાવ હોય છે.
(૧૭) ચાર અભાવમાં ................. તે દ્રવ્યસૂચક છે અને બાકીનાં (૧) .................. (૨) .................. (૩).............. પર્યાયસૂચક છે.
(૧૮) એક જ દ્રવ્યનો બીજા દ્રવ્યમાં (ત્રિકાળ) અભાવ હોય તેને ................ અભાવ કહે છે.
(૧૯) કર્મ ઉદયથી જીવને રાગાદિ થાય છે એમ માનનાર બંને દ્રવ્યો વચ્ચે ................. અભાવને ભૂલે છે.
(૨૦) ઈચ્છા અને ભાષા વચ્ચે .................. અભાવ છે.

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના આપેલ પ્રશ્નો ઓગસ્ટ-૨૦૧૬ના ઉત્તરો

(૧) આકાશ
(૨) પુરુષાર્થ
(૩) મુનિ
(૪) જૂનાગઢ
(૫) થલચર
(૬) સ્ત્રી
(૭) કરોડો
(૮) જીવ
(૯) અગુરુલઘુત્વ
(૧૦) તપ
(૧૧) વ્યંજન
(૧૨) દેશઘાતિ પ્રકૃતિ
(૧૩) શુક્લ
(૧૪) પુરુષ
(૧૫) ભાવલિંગી મુનિ
(૧૬) આઠ
(૧૭) માંગીતુંગી
(૧૮) ધ્રૌવ્ય
(૧૯) વિપાક
(૨૦) ભોગભૂમિ

## (૩૯)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(નીચે આપેલ પ્રશ્નોના ઉત્તર કૌંસમાં આપેલ યોગ્ય વિકલ્પથી પૂર્ણ કરો.)

(૧) આદિનાથ ભગવાનને મુનિદશામાં પ્રથમ આહાર .......... નગરીમાં થયો હતો. (અયોધ્યા, હસ્તિનાપુર, રાજગૃહી)

(૨) તીર્થંકર ભગવાનના સમવસરણની રચના ............ દેવ કરે છે. (લૌકાંતિક, કુબેર, વ્યંતર)

(૩) અજ્ઞાનીને ........... ચેતના હોય છે. (બે, એક, ત્રણ)

(૪) સમ્યગ્દર્શનના આઠ અંગો પૈકી ............... અંગ છે. (સ્થિતિકરણ, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ)

(૫) એકેન્દ્રિય અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીના જીવોનું ............ ગુણસ્થાન હોય છે. (ત્રીજું, બીજું, પહેલું)

(૬) જીવ ............. ના કારણે દુ:ખી થાય છે. (ભૂલ, અજ્ઞાન, પાપકર્મ)

(૭) ગૃહસ્થાના છ આવશ્યકમાં ત્રીજું આવશ્યક ................. છે. (સંયમ, દેવપૂજા, સ્વાધ્યાય)

(૮) પદ્મપ્રભુ તેમજ વાસુપૂજ્ય ભગવાનના શરીરનો રંગ .......... હતો. (લાલ, સફેદ, લીલો)

(૯) વાયુથી પણ પોતાના શરીરને હલકું બનાવવું એ ............. ઋદ્ધિનો પ્રકાર છે. (અણિમા, લઘિમા, મહિમા)

(૧૦) જ્યાં કોઈ ચમત્કારિક ઘટના બની હોય તેને .............. ક્ષેત્ર કહે છે. (નિર્વાણ, સિદ્ધ, અતિશય)

(૧૧) કર્મોનું આવવું અટકવું એ ............ તત્ત્વ છે. (સંવર, નિર્જરા, મોક્ષ)

(૧૨) ચાર ઇન્દ્રિય જીવોને ................ પ્રાણ હોય છે. (છ, સાત, આઠ)

(૧૩) ગંગાનદીમાં સ્નાન કરવાથી ધર્મ થાય એ માન્યતા ................ મૂઢતા છે. (દેવ, લોક, પાખંડ)

(૧૪) અમૂર્તત્વ અને અચેતનત્વ બંને સાથે ........... દ્રવ્યમાં હોય છે. (ત્રણ, બે, ચાર)

(૧૫) દશ ધર્મ પૈકી અભિમાનનો ત્યાગ એ ............. ધર્મ છે. (આંકિચન્ય, માર્દવ, સંયમ)

(૧૬) જેના ઉદયથી વેદક સમ્યગ્દર્શનમાં ચલ, મલિન, અગાઢ દોષ લાગે છે તેને ................ પ્રકૃતિ કહે છે. (મિથ્યાત્વ, સમ્યક્, સમ્યક્મિથ્યાત્વ)

(૧૭) કુંદકુંદ આચાર્યદેવના સમયસાર આદિ પાંચ પરમાગમ એ ......................ના શાસ્ત્ર છે. (કરણાનુયોગ, પ્રથમાનુયોગ, દ્રવ્યાનુયોગ)

(૧૮) ચૈતન્ય અનુવિધાયી આત્માના પરિણામને ..................... કહે છે. (પ્રમાદ, ઉપયોગ, લેશ્યા)

(૧૯) પદાર્થના સર્વદેશને જાણવાવાળા જ્ઞાનને .................. કહે છે. (પ્રમાણ, નય, નિક્ષેપ)

(૨૦) પંચેન્દ્રિય તિર્યંચના ............... ભેદ છે. (ત્રણ, ચાર, બે)

## બાળકો માટેના આપેલ
## પ્રશ્ન ઓગસ્ટ–૨૦૧૬ના ઉત્તર

| | | | |
|---|---|---|---|
| (૧) | ૫ | (૧૧) | ૨૫ |
| (૨) | ૨૨ | (૧૨) | ૨ |
| (૩) | ૪૭ | (૧૩) | ૫ |
| (૪) | ૧૧ | (૧૪) | ૪ |
| (૫) | ૮ | (૧૫) | ૪ |
| (૬) | ૮૪ | (૧૬) | ૧૨ |
| (૭) | ૩૩ | (૧૭) | ૩ |
| (૮) | ૧૪૮ | (૧૮) | ૩ |
| (૯) | ૩૬૩ | (૧૯) | ૪ |
| (૧૦) | ૨૪ | (૨૦) | ૭ |

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● પ્રશ્ન :—ધર્મ કરવો હોય પણ કુગુરુ મળી જાય તો શું કરવું?

ઉત્તર :—અંદરની સાચી પાત્રતા હોય તો સાચા નિમિત્તો સહજ મળી જાય. સાક્ષાત્ ભગવાન મળી જાય. સિંહ જેવા પ્રાણીને પણ અંદરની પાત્રતા તૈયાર થતાં જંગલમાં આકાશમાંથી મુનિઓ નીચે ઉતરી બોધ આપે છે. પાત્રતા હોય તો નિમિત્તનો યોગ ગમે તેમ મળી જાય છે. અંદરની પાત્રતા હોય ને સાચો યોગ ન મળે એમ ન બને. ૧૭૭.

● પ્રશ્ન :—શુદ્ધનયનો વિષય અંશ છે અંશી?

ઉત્તર :—નયનો વિષય અંશ છે.

પ્રશ્ન :—શુદ્ધનયનો વિષય પરિપૂર્ણ છે ને?

ઉત્તર :—પરિપૂર્ણ હોવા છતાં વર્તમાન પર્યાય વિનાનો હોવાથી તેને અંશ કહેવાય છે. પરંતુ એ અંશ ત્રિકાળી હોવાથી તે અપેક્ષાએ તેને અંશી પણ કહેવાય. ૧૭૮.

● એકબાજુ જ્ઞાનસિંધુ છે ને બીજી બાજુ ભવસિંધુ છે. જ્યાં રુચે ત્યાં જા. ૧૭૯.

● પ્રશ્ન :—સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થવાય છે ને?

ઉત્તર :—સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થવાય છે તેનો અર્થ સવિકલ્પથી નિર્વિકલ્પ થાય છે તેમ નથી પણ નિર્વિકલ્પ થતાં પહેલાં હું શુદ્ધ છું, બુદ્ધ છું, જ્ઞાયક છું એવા વિકલ્પો આવે છે તેને પણ છોડીને અંદર અભેદ સ્વભાવનો આશ્રય લેતાં નિર્વિકલ્પ થાય છે ત્યારે તેને સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થયો તેમ ઉપચાર આવે છે—ઉપચારથી કહેવાય છે. ૧૮૦.

● પ્રશ્ન :—સમયસાર ગાથા ૧૩માં, નવતત્ત્વને ભૂતાર્થથી જાણતાં સમ્યગ્દર્શન થાય છે તેમ કહ્યું છે ત્યાં ભૂતાર્થથી શ્રદ્ધેય કેમ નથી કહ્યું?

ઉત્તર :—જાણ્યા વિના શ્રદ્ધા થતી નથી તેથી ભૂતાર્થથી જાણેલ તેમ કહ્યું છે, કેમકે જાણે છે તેની શ્રદ્ધા થાય છે. જાણ્યા વિના શ્રદ્ધા થતી નથી. ૧૮૧.

● પ્રશ્ન :—જાણવામાં ને શ્રદ્ધવામાં એક જ સમય છે કે સમય ભેદ છે?

ઉત્તમ :—એક જ સમયમાં જ્ઞાન—શ્રદ્ધાન સાથે જ છે, છતાં જ્ઞાનને કારણ કહે છે અને શ્રદ્ધાનને કાર્ય કહે છે. ૧૮૨.

આત્મધર્મ
સપ્ટેમ્બર-૨૦૧૬
અંક-૧ ● વર્ષ-૧૧

Posted at Songadh PO
Publish on 1-9-2016
Posted on 1-9-2016

Registered Regn. No. BVR-367/2015-2017
Renewed upto 31-12-2017
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-




**Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.**

**Editor : Anantrai Vrajlal Shah.**

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org